RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૩    ગુરૂવાર, તા.૨૮-૦૩-૨૦૨૪    અંક : ૨૦૦ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ગરમી ભુક્કા કાઢશે : પાંચ દિવસ હિટવેવની આગાહી

## રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોચ્યું : કાળઝાળ ગરમીથી લોકો પરેશાન



અમદાવાદ,

ગુજરાતભરમાં હાલ ભુક્કા બોલાવી દે તેવી ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક રહ્યું હતું. કેટલાક જિલ્લાઓમાં તો ૪૦ ડિગ્રીથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસને લઈને આગાહી કરવામાં આવી છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન રાજયભરમાં સૂકુ વાતાવરણ રહેશે. સાથે જ ગરમ પવનો ફૂંકાવાને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત વાતાવરણ રહેશે. જેને કારણે ડિસ્કમ્ફર્ટ એટલે કે બફારાની સ્થિતિ રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી ત્રણ દિવસ દરમિયાન હીટવેવની શક્યતા છે.

અમદાવાદ શહેરમાં પણ બફારા સાથે ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. ત્યારે આગામી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલા જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા હીટવેવની આગાહી સાથે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતવાસીઓને ગરમીમાં શેકાવુ પડશે. હજુ તો માર્ચ મહિનામાં જ આ સ્થિતિ છે તો આગામી એપ્રિલ અને મે મહિનામાં ગુજરાતવાસીઓ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠશે.

# હાઈકોર્ટમાંથી કેજરીવાલને રાહત ન મળી

## HCએ ED પાસેથી ૨ એપ્રિલ સુધી જવાબ માગ્યો : કાલે સીએમ પદેથી હટાવવાની અરજી પર સુનાવણી



નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દારૂ નીતિ કેસમાં બુધવારે દિલ્હી હાઈકોર્ટની ધરપકડ અને રિમાન્ડમાંથી રાહત મળી નથી. જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની કોર્ટે EDને નોટિસ પાઠવીને ૨ એપ્રિલ સુધીમાં જવાબ માગ્યો છે. આ મામલાની સુનાવણી હવે ૩ એપ્રિલે થશે.

ASG રાજુએ કહ્યું કે અમે વિગતવાર જવાબ દાખલ કરવા માગીએ છીએ. મુખ્ય કેસમાં અમને ૩ અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. આ કિસ્સામાં પણ અમને જવાબ દાખલ કરવા માટે પૂરતો સમય આપવો જોઈએ. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે આ વિલંબની રણનીતિ છે. અમે હાઈકોર્ટને અપીલ કરીએ છીએ કે આ અંગે હવે નિર્ણય લેવામાં આવે. તમે તેને સ્વીકારો છો અથવા તેનો ઈનકાર કરો છો.

સુનાવણી સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થઈ અને લગભગ ૨૦ મિનિટ સુધી ચાલી. આ પછી કોર્ટે કહ્યું કે અમે સપ્લીમેન્ટરી લિસ્ટ પર સુનાવણી પૂરી કર્યા પછી ફરી સુનાવણી કરીશું. બપોરે થયેલી સુનાવણીમાં કોર્ટે લગભગ ૧ કલાક ૧૦ મિનિટ સુધી દલીલો સાંભળ્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

AAPના લીગલ સેલે કેજરીવાલની ધરપકડના વિરોધમાં જિલ્લા અદાલતોમાં દેખાવો કરવાની હાકલ કરી હતી. આના પર દિલ્હી હાઈકોર્ટે AAPને ચેતવણી આપતા કહ્યું- જો કોર્ટ પરિસરમાં પ્રદર્શન થશે તો તેના ગંભીર પરિણામો આવશે. બીજી તરફ સુનાવણી પહેલા જ EDએ AAPના ગોવા-મહારાષ્ટ્રના પ્રભારી દીપક સિંગલાના દિલ્હી નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. એજન્સીએ દારૂની નીતિથી મળેલા નાણાંનો ઉપયોગ ગોવાની ચૂંટણીમાં કરવાનો દાવો કર્યો છે. આ કડીના સંદર્ભમાં મામલો જોવામાં આવી રહ્યો છે.

# જમ્મુ-કાશ્મીરમાંથી સેના હટાવવાની વિચારણા : અમિત શાહ

## AFSPA હટાવવા અંગે પણ વિચારીશું તેમ પણ જણાવ્યું



નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ-કાશ્મીરને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે કેન્દ્ર સરકાર આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ એટલે કે જમ્મુ-કાશ્મીરમાં લાગુ AFSPA હટાવવા પર વિચાર કરી રહી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન ગૃહમંત્રી શાહે દાવો કર્યો હતો કે સરકાર કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને અહીંની કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસ પર છોડી દેવાની પણ યોજના બનાવી રહી છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસને સોંપવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે પહેલા જમ્મુ-કાશ્મીર પોલીસ પર ભરોસો ન હતો, પરંતુ આજે તેઓ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા છે. સાથે જ અમિત શાહે એમ પણ કહ્યું કે અમે AFSPA હટાવવા અંગે પણ વિચારીશું. ગૃહમંત્રી અમિત શાહે ઈન્ટરવ્યુ દરમિયાન દાવો કર્યો હતો કે સપ્ટેમ્બર મહિના પહેલા જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. શાહે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહીની સ્થાપના એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વચન છે અને તે પૂરું થશે. કેટલાક પક્ષો પર નિશાન સાધતા શાહે કહ્યું કે હવે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહી માત્ર ત્રણ પરિવારો સુધી સીમિત નહીં રહે. જમ્મુ અને કાશ્મીરમાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) ના આરક્ષણ પર ગૃહ પ્રધાન શાહે કહ્યું કે મોદી સરકારે પહેલીવાર જમ્મુ અને કાશ્મીરના ઝ્રને અનામત આપી છે. આ સિવાય મહિલાઓને એક તૃતીયાંશ અનામત આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત આપવામાં આવી હતી.

અમે SC અને ST માટે જગ્યા બનાવી છે. ગુર્જરો અને બકરવાલોનો હિસ્સો ઘટાડ્યા વિના પહાડીઓને ૧૦ ટકા આરક્ષણ આપવામાં આવ્યું છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોને સમાવવા માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ લાભો પાયાના સ્તર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે.

# બીજાપુરમાં પોલીસ અને નક્સલી વચ્ચે અથડામણમાં ૬ ઠારઃ હથિયારો કબ્જે

બીજાપુર,તા.૨૭

છત્તીસગઢના બીજાપુર જિલ્લાના ચિપુરભટ્ટી-પુસબાકા નજીકના જંગલ વિસ્તારમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અથડામણમાં પોલીસે નક્સલવાદી ડેપ્યુટી કમાન્ડર સહિત છ નક્સલવાદીઓને ઠાર કર્યા હતા. ઘટના સ્થળેથી નક્સલવાદીઓના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એક મહિલા નક્સલવાદીનો પણ સમાવેશ થાય છે. મામલો બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે.

ઈનપુટના આધારે, હોળીના દિવસે બાસાગુડા પુસબાકા રોડ પર કુહાડી વડે ત્રણ ગ્રામજનોની હત્યા કરવામાં આવ્યા બાદ, ડીઆરજી, સીઆરપીએફ અને કોબ્રા જવાનોની સંયુક્ત પાર્ટી સર્ચ ઓપરેશન પર નીકળી હતી. દરમિયાન, બુધવારે સવારે બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારના ચિપ્પુરભટ્ટી પાસે તાલપેરુ નદીના કિનારે પોલીસ અને નક્સલવાદીઓની પ્લાટૂન નંબર ૧૦ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. આ એન્કાઉન્ટરમાં જવાનોએ નક્સલવાદી ડેપ્યુટી કમાન્ડર સહિત છ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. સૈનિકોએ ઘટના સ્થળેથી નક્સલવાદીઓના મૃતદેહ સાથે હથિયારો પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એક મહિલા

# સાંગલીમાં ડ્રગ ફેક્ટરી પર દરોડા રૂા.૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત

## ખેતરમાં મેફેડ્રોન બનાવવામાં આવતું હતું, છ આરોપી પકડાયા

નવીદિલ્હી,

મહારાષ્ટ્રના સાંગલીમાં ફરી ડ્રગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સાંગલીમાં નિર્જન સ્થળે ડ્રગ ફેક્ટરી પર દરોડા પાડી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંદાજે રૂપિયા ૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત કર્યું હતું. આ મામલામાં શંકાસ્પદ આરોપીને પકડીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ગુનામાં સંડોવાયેલો મુખ્ય આરોપી મૂળ સાંગલીના કવઠે મહાંકાળનો છે તે ગત ૧૭ વર્ષથી મુંબઈમાં રહેતો હતો. તે ડ્રગની હેરાફેરી કરતો હોવાની માહિતી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જેના આધારે તેને પકડવામાં આવ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે એમડી ડ્રગ બનાવવાના નેટવર્કને પ્રકાશમાં લાવીને છ જણની ધરપકડ કરાઈ હતી. સાંગલીના ઈરળી ગામમાં અત્યંત નિર્જન જગ્યાએ આરોપીઓએ એક રૂમમાં ડ્રગ બનાવવાની ફેક્ટરી સ્થાપી હતી. પોલીસે માહિતીના આધારે અહીં છાપો મારીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. દરમિયાન અંદાજે રૂપિયા ૨૪૫ કરોડની કિંમતનું ૧૨૨.૫ કિલો મેફેડ્રોન મળી આવ્યું હતું.

અગાઉ ગત ફેબ્રુઆરીમાં સાંગલીના કુપવાડામાં દરોડા પાડીને અંદાજે ૩૦૦ કરોડનું મેફેડ્રોન કબજે કરવામાં આવ્યું હતું. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી.

# NDPSના કેસમાં ગુજરાતના પૂર્વ IPS સંજીવ ભટ્ટ ૨૮ વર્ષ બાદ દોષિત જાહેર

## ૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરાયો હતો

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ IPS અધિકારી સંજીવ ભટ્ટને પાલનપુરના ૧૯૯૬ના NDPS કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તેમને ૨૭ માર્ચે પાલનપુર સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા. આ કેસમાં ૨૮ વર્ષ બાદ આજે કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા છે. ૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવનાર છે તેવી બાતમીના પગલે પોલીસે રેડ કરી એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું. પાલનપુરની આ હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી. CID ક્રાઈમે ૨૦૧૮માં પૂર્વ IPS સંજીવ ભટ્ટઅને તેમની સાથે પાલનપુરના તત્કાલીન PI વ્યાસની પણ ધરપકડ કરી હતી.

# કથિત દારૂ કૌભાંડના પૈસા ક્યાં છે, અરવિંદ ૨૮મીએ ખુલાસો કરશેઃ સુનીતા કેજરીવાલ

નવીદિલ્હી,તા.૨૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે મુખ્યમંત્રી તમારી ચિંતા કરે છે. દારૂ કૌભાંડ અંગે તેમણે કહ્યું કે અરવિંદ કેજરીવાલ ૨૮ માર્ચે કોર્ટમાં તેનો ખુલાસો કરશે.

તેમણે વધુમાં કહ્યું કે અરવિંદજીએ મને બીજી એક વાત કહી, દારૂ કૌભાંડ નામના આ શોમાં બે વર્ષમાં ઘણી જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા. પરંતુ એક પણ પૈસો મળ્યો નથી. તેઓએ સિસોદિયા જીના સ્થાન પર, સંજય જીના ઘરે દરોડા પાડ્યા, અમારા સ્થાન પર દરોડા પાડ્યા પરંતુ તેમની પાસે એક પૈસો પણ નથી. મારું શરીર જેલમાં છે પણ મારો આત્મા તમારી વચ્ચે છે. તમે લોકો તમારી આંખો બંધ કરો અને અનુભવો.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલે કહ્યું કે ગઈકાલે સાંજે હું અરવિંદ જીને જેલમાં મળી હતી.

# મૉસ્કોમાં થયેલા આતંકી હુમલા પાછળ ત્રણ દેશોનો હાથઃ રશિયાનો આરોપ

મોસ્કો,તા.૨૭

રશિયાના મોસ્કો શહેરના ક્રૉકસ સિટી કન્સર્ટ હોલમાં ૨૨ માર્ચે આતંકવાદી હુમલો થયો હતો, જેમાં અત્યાર સુધીમાં ૧૩૯ લોકોના મોત થયા છે. આતંકવાદીઓએ કન્સર્ટ હૉલમાં ઘુસી આડેધડ ગોળીબાર કર્યો હતો. એટલું જ નહીં બોંબ ધડાકા પણ કર્યા હતા, જેના કારણે બિલ્ડીંગના એક ભાગ ધરાશાઈ થયો હતો અને આગ પણ લાગી ગઈ હતી. ઘણા વર્ષો બાદ રશિયામાં આવો ઘાતક આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલાની જવાબદારી આઈએસઆઈએસ કેએ લીધી હતી, જોકે રશિયાની ગુપ્તચર એજન્સી ફેડરલ સિક્યોરિટી સર્વિસ હુમલા પાછળ ત્રણ દેશો પર મોટો આક્ષેપ કર્યો છે.

રશિયાની ગુપ્તચર એજન્સીએ આતંકવાદી હુમલા પાછળ અમેરિકા, યુકે અને યુક્રેનનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે. એજન્સીએ કહ્યું કે, હુમલાની જવાબદારી આઈએસઆઈએસ કેએ લીધી છે, જોકે આ ત્રણેય દેશોએ હુમલાનું ષડયંત્ર રચ્યું છે. આતંકી હુમલામા મૃતકોની સંખ્યા ૧૩૯ પર પહોંચી ગઈ છે. હુમલામાં ૨૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે, જેમાં ઘણા લોકોની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે.

# ભારતનો ડંકો : સમગ્ર એશીયામાં સૌથી વધુ વિદેશી રોકાણ મેળવ્યું

## માર્ચ મહિનામાં વિદેશી સંસ્થાઓએ ૩.૬૩ અબજ ડોલર ઠાલવ્યાઃ કોરોના કાળ પછીનું સૌથી મોટુ રોકાણ

નવીદિલ્હી,

સમગ્ર વિશ્વમાં સૌથી વધુ આર્થિક વૃધ્ધિદર ધરાવતા ભારતનો અર્થતંત્રમાં ડંકો વાગી જ રહ્યો છે અને તેના પર વિદેશીઓ પણ આફરીન હોય તેમ વિદેશી રોકાણમાં જંગી વધારો થવા લાગ્યો છે. માર્ચ મહિનામાં સમગ્ર એશીયામાં સૌથી વધુ વિદેશી રોકાણ ભારતે મેળવ્યું છે.

દક્ષિણ કોરીયા, તાઈવાન, ઈન્ડોનેશીયા જેવા દેશો પણ ભારતથી પાછળ રહ્યા છે. જયારે જાપાન, મલેશીયા, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, વિયેટનામ અને શ્રીલંકા જેવા દેશોમાંથી વિદેશી રોકાણ પાછું ખેંચાયું છે.

માર્ચ મહિનામાં ભારતમાં ૩.૬૩ અબજ ડોલરનું વિદેશી રોકાણ ઠલવાયું હતું જે છેલ્લા ચાર વર્ષનું સૌથી વધુ છે. આ ઉપરાંત ભારતીય નાણા સંસ્થાઓને પણ ૫૨૪૬૭ કરોડનું રોકાણ કર્યુ હતું.

ભૌગોલિક ટેન્શન અને ઉંચા વ્યાજદરના દર વચ્ચે પણ ભારત પ્રત્યેનો વિદેશી ઈન્વેસ્ટરોનો લગાવ વધતો રહ્યો હતો. વિદેશી સંસ્થાઓએ ડિસેમ્બર-૨૦૨૩ પછીનો સૌથી મોટુ રોકાણ કર્યુ હતું. ભારત સિવાય વિદેશી નાણા સંસ્થાઓએ દક્ષિણ કોરીયા, તાઈવાન તથા ઈન્ડોનેશીયામાં પણ રોકાણ કર્યુ હતું. દક્ષિણ કોરીયામાં ૨.૯૧ અબજ ડોલર, તાઈવાનમાં ૧.૧૪ અબજ ડોલર તથા ઈન્ડોનેશીયામાં ૫.૮૫ અબજ ડોલર ઠાલવ્યા હતા.

# બિગ બોસ વિનર મુનાવર ફારુકી પોલીસ કસ્ટડીમાં

## મંગળવારે રાત્રે દરોડા દરમિયાન હુક્કા પાર્લરમાં મળી આવ્યો

મુંબઈ,

સ્ટેન્ડ અપ કોમેડિયન અને બિગ બોસ ૧૭ના વિજેતા મુનાવર ફારુકીને પોલીસે કસ્ટડીમાં લીધો છે. જણાવવામાં આવી રહ્યું છે કે પોલીસે મંગળવારે રાત્રે મુંબઈમાં એક હુક્કા પાર્લરમાં દરોડા દરમિયાન આ કાર્યવાહી કરી હતી. ફારૂકીની સાથે અન્ય ૬ લોકોની પણ અટકાયત કરવામાં આવી છે. હાલ તપાસ ચાલુ છે. કહેવામાં આવી રહ્યું છે કે તમાકુ ઉત્પાદનોના ઉપયોગની માહિતી મળતાં પોલીસે દરોડો પાડ્યો હતો.આ દરોડા દરમિયાન પોલીસે ૧૪ લોકોની ધરપકડ કરી હતી જેમાં મુનાવર ફારૂકીનો પણ સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્ર આજતક

# જાફરાબાદમાં જર્જરિત મકાનના ઉપરના માળની દિવાલ ધરાશાયી થતા ૨નાં મોત ૪ને ઈજા






રાજુલા:

જાફરાબાદના ગીરીરાજ ચોકમા એક સમયે જયાં જુની એસબીઆઈ બેસતી હતી તે જર્જરિત મકાનના ઉપરના માળની દિવાલ અચાનક ધરાશાયી થતા ચાર કેબીન દટાઈ ગઈ હતી. અને છ લોકો કાટમાળ નીચે દટાતા બેના મોત થયા હતા. જયારે ચારને ગંભીર ઈજા સાથે હોસ્પિટલે ખસેડાયા છે. જાફરાબાદમા જુની એસબીઆઈ કચેરી ધસી પડવાની આ ઘટના સવારે સાડા નવેક વાગ્યાના સુમારે અહીના ગીરીરાજ ચોકમા બની હતી. ખાનગી માલિકીના આશરે અડધી સદી જુના મકાનમા એક સમયે એસબીઆઈ કચેરી ચાલુ હતી. અને હાલમા આ મકાન એકાદ દાયકાથી ખંઢેર હાલતમા બંધ ઉભુ હતુ. તેની નજીક રોડના કાંઠે જુદીજુદી ચાર કેબીનો આવેલી હતી.સવારના સમયે અચાનક ઉપરના માળનો કાટમાળ સીધો જ નીચે ધસી પડયો હતો. દિવાલનો કાટમાળ રોડ કાંઠાની ચાર કેબીન પર ધસી પડતા કેબીન માલિકો અને ત્યાં ચા-પાણી પીવા અને ખરીદી માટે આવેલા લોકો કાટમાળમા દટાઈ ગયા હતા. જુના બેલાના બાંધકામ નીચે દટાયેલા લોકોને બહાર કાઢવા આસપાસમાથી મોટી સંખ્યામા ભીડ ઉમટી પડી હતી. સ્થાનિક તંત્ર વાહકો પણ દોડી આવ્યા હતા. ઘાયલોને કાટમાળમાથી બહાર કઢાતા સુરેશભાઈ નાનજીભાઈ સોલંકી (ઉ.વ.૬૪) અને આતુભાઈ ચીનુભાઈ મકવાણા (ઉ.વ.૩૮)નુ ઘટના સ્થળે જ મોત થયુ હતુ.જયારે અન્ય ચાર લોકો કેબીન માલિક ભુપતભાઈ કાળુભાઈ મકવાણા, બાબુભાઈ બચુભાઈ સોલંકી, રોનકભાઈ ભગુભાઈ બાંભણીયા અને ભગુભાઈ સોમાભાઈ બારૈયાને ઘાયલ હાલતમા બહાર કાઢી ગંભીર હાલતમા સારવાર માટે પ્રથમ મહુવા દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે ભાવનગર ખસેડાયા હતા. સ્થાનિક પોલીસ ઘટના અંગે તપાસ હાથ ધરી છે.મકાનની મુળ માલિકી કપોળ વણિક સમાજના ટ્રસ્ટની હતી. જેણે ચારેક વર્ષ પહેલા હરરાજીમા ચંદુભાઈ શિયાળને મકાન વેચાતુ આપ્યુ હતુ. બેલા અને ચુના મીશ્રણનુ અડધી સદી જુનુ બાંધકામ નબળુ પડી ગયુ હતુ.આ મકાન જર્જરિત હોય મકાન માલિક ચંદુભાઈ શિયાળ દ્વારા તેને ઉતારી લેવા કાર્યવાહી પણ કરાઈ હતી. ઉપરના નળીયા સહિતનો કાટમાળ ઉતારી લેવાયો હતો. પરંતુ દિવાલો હજુ ઉભી હોય ધરાશાયી થઈ હતી.કાટમાળ ખસેડવા જેસીબીની મદદ લેવાઈ અડધી સદી જૂનું બાંધકામ ધસી પડયું : ચાર કેબીનનો કડુસલો બોલી ગયો : ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં ભાવનગર ખસેડવામાં આવ્યાઘટના સ્થળેથી કાટમાળ ખસેડવા માટે તંત્ર વાહકો દ્વારા જેસીબીની મદદ લેવાઈ હતી. ઉપરાંત ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. સ્થાનિક લોકોએ પણ બેલાઓ હટાવવામા મદદ કરી હતી.

### આદર્શ આચારસંહિતા અમલવારી અંતર્ગત

# મતદાનના દિવસે વાહનોનાં દુરઉપયોગ પર પ્રતિબંધ રહેશે

(અતુલ કારિયા) અમરેલી:અમરેલી જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪નું મતદાન તા.૦૭ મે, ૨૦૨૪ અને મતગણતરી તા.૦૪ જૂન-૨૦૨૪ના રોજ યોજાશે. ભારતના ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચારસંહિતાનું અમલીકરણ કરવાની સૂચના છે, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે અનિવાર્ય છે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪ અંતર્ગત મતદાનના દિવસે વાહનોનાં દુરઉપયોગ પર પ્રતિબંધાત્મક આદેશો સાથેનું જાહેરનામું અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. કોઈપણ રાજકીય પક્ષ કે બિનરાજકીય પક્ષ કે તેમનાં ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈપણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથકથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ રહેશે. ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે આ પ્રમાણે વાહનોનો ઉપયોગ કરી શકશે. ઉમેદવારે પોતાના ઉપયોગ માટે મદતાર વિભાગ પૂરતું એક વાહન ઉપયોગમાં લઈ શકશે. ચૂંટણી એજન્ટ પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પુરતું એક વાહન ઉપયોગમાં લઈ શકશે. યથાપ્રસંગ ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોનાં ઉપયોગ માટે પ્રત્યેક સોકસભા મતદાર વિભાગ દીઠ એક વાહન વાપરવા હક્કદાર રહેશે. આ માટે ઉપયોગમાં લેવામાં આવનાર વાહન લોકસભા ઉમેદવારે તેના સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવવાનું રહેશે. નોંધણી કરાવ્યું હોય તેવા વાહનની પરમીટ મેળવી તે અસલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્ક્રીન પર ચોંટાડવાની રહેશે. મતદાનના દિવસે જો ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ પોતાના ઉપયોગ માટે મંજૂરી માટે અપાયેલ વાહન અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા વાપરી શકાશે નહીં. આ હુકમ સમગ્ર જિલ્લામાં લાગુ પડશે. આ જાહેરનામું મતદાનની તા.૦૭.૦૫.૨૦૨૪ના રોજ સમગ્ર દિવસ દરમિયાન અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પિનલ કોડની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર છે.

# બાબરાનાં સરકારી દવાખાનામાં બે ડોકટરની જગ્યા ખાલી હોવાથી દર્દીને પરેશાની



અમરેલી:બાબરા તાલુકાના ના ૫૮ ગામ વચ્ચે એક સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે પણ અહીં મોટાભાગના તબીબોની જગ્યા ખાલી હોવાથી સારવાર અર્થે આવતા દર્દીઓને હાલાકી નો સામનો કરવાની ફરજ પડે છે. ત્યારે પૂરતા પ્રમાણમાં તબીબોની નિમણૂંક કરવામાં આવે તો દર્દીઓને રાહત મળી શકે તેવી રજુઆત સ્થાનિક અગ્રાણીઓ અને લોકોમાંથી ઉઠવા પામી છે.

બાબરા સિવિલ અધિક્ષકનો ચાર્જ સંભાળી રહેલા મેડિકલ ઓફિસર ડો. સાકીર વ્હોરાએ જણાવ્યું હતું કે, અહીં એક મેડિકલ ઓફિસર અને એક ગાયનેક એમ.ડી. ની જગ્યા ખાલી છે જેના કારણે પ્રસૂતા તેમજ અન્ય મેડિકલ ઈમરજન્સી તેમજ સામાન્ય ઓપીડી બે ડોકટર દ્વારા કરવામાં આવે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા અહીં તબીબોની ફાળવણી કરવામાં આવે તો દર્દીઓને રાહત મળી શકે.

આ બાબતે પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે, સરકારી દવાખાને રોજ ૩૦૦ થી વધુ દર્દીઓ વિવિધ સારવાર લેવા માટે આવે છે પણ પૂરતા તબીબો નહિ હોવાથી લોકોએ સારવાર લેવામાં કલાકો સુધી રાહજોવી પડે તેમજ ઈમજન્સી વેળાએ સારવારના અભાવે જાનનું જોખમ રહે છે તેમજ અન્ય જગ્યાએ રીફર કરવાની ફરજ પડે છે.

બીજી તરફ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા જણાવ્યું હતું કે, સરકારી દવાખાનાની પરિસ્થિતિ બાબતે રાજયના આરોગ્ય વિભાગને રજુઆત કરવામાં આવી છે તેમજ ધારાસભ્ય જનકભાઈ તલાવીયાનું પણ ધ્યાન દોરવામાં આવ્યું છે જલ્દી તબીબોની ભરતી કરવામાં આવશે. લોકોનું કહેવું છે અહીં જે ડો. મોહિત ચૌહાણ ફરજ બજાવતા હતા તેમની અન્ય જીલ્લામાં બદલી કરી નાખવામાં આવી જેના કારણે જગ્યા ખાલી પડી છે. હાલ સરકારી દવાખાનામાં અપૂરતા તબીબોને કારણે દર્દીઓને સારવાર માટે લાંબી લાઈનમાં ઉભું રહેવું પડે છે તેમજ કલાકો સુધી રાહ જોવી પડે છે.

## આર્થિક સંકડામણનાં કારણે માલગાડી હેઠળ ઝંપલાવી યુવકની આત્મહત્યા

અમરેલી, ખાંભા તાલુકાના ભાણીયા ગામનો યુવાન પોતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી છેલ્લા થોડા મહિનાથી કામધંધા અર્થે સુરત ખાતે ગયેલ હતો જયા પણ ધંધાનું સેટિંગ ન આવતા અને આર્થિક પરિસ્થિતિ ન સુધરતા તેઓ સુરત થી રાત્રે પ્રાઈવેટ બસમાં બેસી સાવરકુંડલા ખાતે આવેલ ખાંભા ચોકડી ખાતે બસ માંથી ઉતરી સાવરકુંડલાના મહુવા રોડ ગીરધરવાવ પાસે આવેલ રેલવે ટ્રેક પર સાવરકુંડલા થી પીપાવાવ પોર્ટ તરફ જતી કન્ટેનર ગાડી હેઠળ ઝંપલાવી ખાંભા તાલુકાના ભાણીયા ગામનો યુવાન લાલજીભાઈ હસુભાઈ મકવાણા ઉ.વ. ૨૦ નું ઘટના સ્થળે મોત થયું હતું આ બનાવ ની જાણ થતાં ગુડ્ઝ ટ્રેન રોકી દેવામાં આવી હતી ફાટકમેન દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા મહુવા રોડ બીટ ના હેડ કોન્સ્ટેબલ અમનભાઈ કાજી ઘટના સ્થળે પહોંચી યુવાનના પરિવારને જાણકરવામાં આવી હતી.

# અમરેલી લોકસભા ચૂંટણી જંગમાં ભાજપના ભરત સુતરીયા અને કોંગ્રેસના જેનીબેન ઠુંમર વચ્ચે ટકકર

## જિલ્લા પંચાયતનાં માજી અને તાજી પ્રમુખ વચ્ચે ચૂંટણીજંગ નિશ્ચિત





(મિલાપ રૂપારેલ દવારા)અમરેલીઃ અમરેલી લોકસભા બેઠક ઉપર રવિવારે સાંજે ભાજપનાં ઉમેદવાર તરીકે જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને લાઠીનાં જરખીયા ગામનાં વતની ભરતભાઈ સુતરીયાનું નામ જાહેર થતાં તેઓની સામે કોંગ્રેસનાં ઉમેદવાર તરીકે જિલ્લા પંચાયતનાં પૂર્વપ્રમુખ જેનીબેન ઠુંમર હોય બંને વચ્ચે ચૂંટણી જંગ જામશે.

# વિધાનસભા મતવિભાગ કક્ષાના સિંગલ વિન્ડો સિસ્ટમના નોડલ અધિકારીઓની નિમણુક

અમરેલીઃ આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં જાહેર સભા, રેલી, સરઘસ, વાહન, હેલીપેડ અને લાઉડ સ્પીકરના ઉપયોગ જેવી વિવિધ જરુરી પરવાનગીઓ એક જ સ્થળેથી અને સમયસર મળી રહે તેમજ વિવિધ કચેરીઓનો સંપર્ક ન કરવો પડે તેવા આશયથી સિંગલ વિન્ડો સિસ્ટમ શરુ કરવામાં આવી છે, જે અંગેની સૂચનાઓ રીટર્નીંગ ઓફીસર માટેની હેન્ડબુક-૨૦૨૩ એડીશન-૨નાં મુદ્દા નં.૧૮૭માં આપવામાં આવી છે. જિલ્લા કક્ષાએ તેમજ વિધાનસભા મતવિભાગમાં સિંગલ વિન્ડો નોડલ અધિકારીશ્રીઓની નિમણુક કરવામાં આવી છે.

આ વ્યવસ્થા અંતર્ગત ૧૪-અમરેલી લોકસભા મતવિભાગ જિલ્લા કક્ષાએ ચીટનીશ ટુ કલેક્ટરશ્રી, અમરેલી, શ્રી એ.પી. વ્યાસ, મો. ૬૩૫૩૮૪૫૦૭૮, હોમ શાખા, કલેક્ટર કચેરી, અમરેલી, ઈ-મેઈલ એડ્રેસ, dmbranch-amreli@gujarat.gov.in ની નિમણુક કરવામાં આવી છે. વિધાનસભા મતવિભાગમાં, ૯૪-ધારી મતવિભાગ (ધારી,ખાંભા,બગસરા) માટે ધારી તાલુકા મામલતદારશ્રી એ.પી. વ્યાસ, મો.નં. ૭૫૬૭૦ ૦૦૭૨૮, ધારી તાલુકા મામલતદાર કચેરીનું ઈ-મેઈલ એડ્રેસ, mam-dhari@gujarat.gov.in છે. ૯૫-અમરેલી વિધાનસભા મતવિભાગ (અમરેલી, વડીયા-કુંકાવાવ) માટે અમરેલી શહેર મામલતદારશ્રી શ્રી.જી.જી. બાવીશા, મો.નં. ૯૪૨૮૪૦૮૧૫૮, અમરેલી (શહેર) મામલતદાર કચેરીનું ઈ-મેઈલ એડ્રેસ, mam-amr@gujarat.gov.in છે.

૯૬-લાઠી વિધાનસભા મતવિભાગ માટે લાઠી તાલુકા મામલતદાર શ્રી એમ.સી. રાજયગુરુ, લાઠી તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦૦૦૮૩૨, ઈ-મેઈલ એડ્રેસ, mam-lathi@gujarat.gov.in છે. ૯૭-સાવરકુંડલા (સાવરકુંડલા,લીલીયા, જેસર) વિધાનસભા મતવિભાગ માટે સાવરકુંડલા તાલુકા મામલતદાર શ્રી એસ.એચ.બારીયા, સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરી મો.નં. ૭૫૬૭૦ ૦૦૭૮૪, ઈ-મેઈલ એડ્રેસ, mam-savarkundla@gujarat.gov.in, ૯૮-રાજુલા મતવિભાગ (રાજુલા, જાફરાબાદ, ખાંભા) માટે રાજુલા તાલુકા મામલતદાર શ્રી એ.કે. શ્રીમાળી, રાજુલા તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦ ૦૦૯૩૦, ઈ-મેઈલ એડ્રેસ, mam-rajula@gujarat.gov.in છે.

૯૯-મહુવા મતવિભાગ માટે મહુવા તાલુકા મામલતદારશ્રી, મહુવા તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦ ૦૧૬૪૬, ઈ-મેઈલ એડ્રેસ, દ્વક્દ્વ-દ્વક્રેદ્દક્જ્ઞ્ેદ્વક્દ્દિં.ર્ખ્દ્ર.ૈહ છે. ૧૦૧-ગારિયાધાર મતવિભાગ માટે ગારીયાધાર તાલુકા મામલતદારશ્રી, શ્રી આર.એન. કુંભાણી, ગારીયાધાર તાલુકા કચેરી, મો. ૭૫૬૭૦ ૦૧૯૧૦, ઈ-મેઈલ એડ્રેસ, mam-gariyadhar@gujarat.gov.in છે. તે તમામની નિમણુક સિંગલ વિન્ડો સિસ્ટમ અંતર્ગત કરવાની થતી કામગીરી માટે કરવામાં આવી છે, તેમ સિંગલ વિન્ડો નોડલ અધિકારીશ્રી અને અમરેલી જિલ્લા ચીટનીશ ટુ કલેક્ટરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ઝેર પીધેલી હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો

અમરેલીઃ

બાબરા તાલુકાના લુણકીમા રહેતા એક યુવકે હવે મારી વાટ જોતા નહી કહી ઘરેથી નીકળ્યા બાદ તેની ઝેરી દવા પીધેલી હાલતમા લાશ મળી આવી હતી. ઘટનાને પગલે પોલીસ અહી દોડી ગઈ હતી અને યુવકની લાશને પીએમ માટે દવાખાને ખસેડવામા આવી હતી.આ અંગેની મળતી વિગત મુજબ, લુણકીમા રહેતો સુરજ ઉર્ફે સુરેશભાઈ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૨૮) નામના યુવકની ઝેરી દવા પીધેલી હાલતમા લાશ મળી આવી હતી. ગોવિંદભાઈ મકવાણાએ બાબરા પોલીસ મથકમા જણાવ્યું હતુ કે સુરજના લગ્ન થયા ન હતા અને સાત વર્ષથી નશો કરવાની કુટેવ હતી. તારીખ ૧૯/૩ના રોજ નશો કરેલી હાલતમા ઘરે આવી પરિવારના લોકો સાથે માથાકુટ કરતો હતો.સુરજે તેના પિતા પાસેથી રૂપિયા ૫૦૦ માંગ્યા હતા જેથી તેને ૩૦૦ રૂપિયા આપ્યા હતા. સુરજે તેના ભાઈ દીપકભાઈને કહેલ કે હવે મારી વાટ જોતા નહી કહી ઘરેથી નીકળી ગયો હતો અને બાદમા ઝેરી દવા પીધેલી હાલતમા તેની લાશ મળી આવી હતી.બનાવ અંગે એએસઆઈ વાય.આર.ડેર આગળની તપાસ ચલાવી રહ્યાં છે. આમ, આ બનાવને પગલે લુણકી ગામમાં ભારે ચર્ચા જાગી હતી.

# સિંહોના અપમૃત્યુને લઈ હાઈકોર્ટે રેલવે અને ફોરેસ્ટને ઝાટકયા,અસંવેદનશીલતાથી સિંહોની હત્યા થઈ

## બંને વિભાગ મિટિંગ કરીને ૨ વીકમાં SOP બનાવે,ઝીરો અકસ્માત પોલિસી અમલી કરો,યોગ્ય કામ નહીં કરે તો ગુડસ ટ્રેનના ટ્રેક બદલવા આદેશ અપાશે







અમદાવાદ:

ગુજરાત હાઈકોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૮માં સિંહોના અપમૃત્યુને લઈને સમાચાર સંસ્થાઓના અહેવાલને આધારે સુઓમોટો પિટિશન હાથ ધરવામાં આવી હતી. કોર્ટે ગત સુનાવણીમાં રેલવે પાસેથી સિંહોના ઝીરો અકસ્માત માટે સૂચનો માંગ્યા હતા. વળી ચાલુ વર્ષના જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં થયેલા સિંહોના મૃત્યુ અંગે ચિંતા વ્યકત કરી હતી. રેલવેએ સિંહોના મૃત્યુ અટકાવવા શું કર્યું? અને શું કરશે? તેનો પ્લાન માંગ્યો હતો. આ મુદ્દે આજે ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માંયીની બેન્ચ સમક્ષ આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.તાજેતરમાં અમદાવાદના બે વ્યક્તિઓ સામે સિંહોની પજવણી બદલ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ૨૦૨૩માં સિંહોની સંખ્યા ૫૨૩થી વધી છે અને ૭૦૦થી વધુ હતી. થોડા સમય પહેલા ગીરમાં CDV બીમારીને લઈને કેટલાક સિંહોના મૃત્યુ થયા હતા. આજે ૬૭૪ જેટલા સિંહો ગીર વિસ્તારમાં છે. ગીરમાંથી રેલવે પસાર થયા છે, જે અમરેલીથી જુદી જુદી જગ્યાએ જાય છે. રેલવે અહીં બ્રોડગેજ લાઈન નાખશે નહીં.આ વિસ્તારમાં એક લિક્વિડ ગેસની પાઈપલાઈન પણ નાખવામાં આવનાર છે. ટ્રેન સાથે અકસ્માતને લઈને સિંહોના મૃત્યુ થાય છે. અહીંથી ગુડસ ટ્રેન પણ પસાર થાય છે. કોર્ટે જણાવ્યું હતું કે ટ્રેનની સ્પીડ લિમિટ ઘટાડવાથી કે બેરીકેટ કરવાથી સિંહોના અકસ્માત ઘટાડી શકાય નહીં. આ માટે સિંહને જોતા જ ટ્રેન ને ઉભી રાખવી પડે. કોર્ટે સરકારને સિંહોના ઝીરો અકસ્માત માટે સૂચનો માંગ્યા હતા. વળી ચાલુ વર્ષના જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં થયેલા સિંહોના મૃત્યુ અંગે ચિંતા વ્યકત કરી હતી. રેલવેએ સિંહોના મૃત્યુ અટકાવવા શું કર્યું અને શું કરશે તેનો પ્લાન માંગ્યો હતો.કોર્ટ મિત્ર હેમાંગ શાહે જણાવ્યું હતું કે, ગીર જંગલમાંથી પસાર થનારી કુદરતી ગેસના પાઈપલાઈન પ્રોજેક્ટને રોકી દેવામાં આવેલો છે. જંગલમાંથી પસાર થતાં ૧૫૦ હેક્ટર બ્રોડગેજ પ્રોજેક્ટને પણ કેન્સલ કરવામાં આવ્યો છે. જો કે, વેરાવળ, વિસાવદર અને તાલાલામાં ગેજ કન્વર્ઝન હાથ ધરવામાં આવી રહ્યું છે. જેના માટે રાજ્ય અને રાષ્ટ્રીય વાઈલ્ડ લાઈફ બોર્ડની પરવાનગી લેવી જરૂરી બને છે. જેમના તરફથી રેલવે બોર્ડને કોઈ ક્લિયરન્સ મળ્યું નથી. ગયા વર્ષે તેને લઈને ટેન્ડર પણ બહાર પાડી દેવામાં આવ્યું છે. આ ગેજ કન્વર્ઝન જૂનાગઢથી વિસાવદર, ખીજડીયાથી વિસાવદર અને વિસાવદરથી તાલાલા સુધીનું છે. રેલવે વિકાસ નિગમ લિમિટેડે આ સંદર્ભની મંજૂરી લેવા વન વિભાગનો પણ સંપર્ક કર્યો નથી. અગાઉ કોર્ટમાં તેમને આ પ્રોજેક્ટ હાથ નહીં ધરાય તેવી એફિડેવિટ કરી હતી.આથી કોર્ટે રેલવેને કહ્યું હતું કે, રેલવે પહેલા એફિડેવિટ ઉપર ના પાડે છે, ત્યારબાદ કામ શરૂ કરે તેવું ચલાવી લેવાય નહીં. જો કે, રેલવેએ કહ્યું હતું કે તે અમરેલીથી ખીજડીયા સુધીના ગેજ કન્વર્ઝન ઉપર કામ થવા જઈ રહ્યું છે, જે જંગલનો ભાગ નથી. કોર્ટ મિત્ર હેમાંગ શાહે જણાવ્યું હતું કે, સિંહોનો વિસ્તાર હવે વધ્યો છે. તેઓ અમરેલી સુધી પહોંચ્યા છે. સિંહોના અકસ્માત પણ બ્રોડગેજ રેલ્વે લાઈનમાં જ થાય છે.કોર્ટે રેલવેને પૂછ્યું હતું કે, સિંહોના અકસ્માત કેવી રીતે થાય છે? તેની તપાસ કરવા કોઈ કમિટી છે? કોઈ કારણો શોધવામાં આવ્યા છે? જેના જવાબમાં કોર્ટને જાણવા મળ્યું હતું કે રેલવે અને ફોરેસ્ટ વિભાગની એક સંયુક્ત કમિટી છે. જેમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા સિંહોની મુવમેન્ટની રેલવેને જાણ કરાય છે. જેથી ટ્રેનની સ્પીડ ઘટાડી દેવામાં આવે છે. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, જો ટ્રેનની સ્પીડ ઘટાડી દેવામાં આવે તો અકસ્માત કેમ થાય છે?જેના જવાબમાં રેલવેએ કહ્યું હતું કે, જ્યારે ફોરેસ્ટ વિભાગ દ્વારા આવી માહિતી રેલવેને મળતી નથી. ત્યારે અચાનક સિંહના ટ્રેક ઉપર આવવાથી અકસ્માત થાય છે. આ સંદર્ભે રેલવે દ્વારા ટ્રેન ડ્રાઈવરના સ્ટેટમેન્ટ રેકોર્ડ કરીને એફિડેટમાં મુક્યા હતા. જો કે, કોર્ટે તેને ફગાવી દીધા હતા. વળી રેલવે કહ્યું હતુ કે સિંહો શિકાર કરતા ટ્રેનની અડફેટે આવી જાય છે. કોર્ટે સામે પ્રશ્ન કર્યો હતો કે, રેલવેને કેવી રીતે ખબર પડી કે સિંહો શિકાર કરતા જ ટ્રેનની અડફેટે આવે છે? સિંહો રેલવે ટ્રેક પર કેમ જાય?સિંહ દીપડો કે વાઘ નથી તે અલગ પ્રકારનું પ્રાણી છે. તે જંગલનો રાજા છે. તે રાજાની જેમ રહે છે. જો સિંહ ભૂખ્યો ના હોય તો તે કોઈ પ્રાણીને કરડે પણ નહીં. ચીફ જજ જ્યારે પોતે ગીર ઉદ્યાનમાં ગયા હતા. ત્યારે તેમના જીપ્સી ડ્રાઈવરે કહ્યું હતું કે, સિંહનું પેટ ભરેલું હોય તો તે પ્રાણીઓ તરફ જોતો પણ નથી. રેલવેએ છેલ્લા બે-ત્રણ વર્ષમાં સિંહો સાથેના ટ્રેનના અકસ્માતો ખૂબ ઘટ્યા હોવાનો બચાવ કોર્ટ સમક્ષ કર્યો હતો. જો કે, કોર્ટે ઝીરો અકસ્માત પોલિસી અમલમાં લાવવા રેલવેને ચોખ્ખું જણાવી દીધું હતું.કોર્ટે આકરી ટકોર કરતા જણાવ્યું હતું કે, માનવીની અસંવેદનશીલતાથી ઘણા સિંહોની હત્યા થઈ છે . હવે કોર્ટ તેને સહન કરી લેશે નહીં. એક સિંહને ગુમાવતા બીજો સિંહ તૈયાર થતાં કેટલો સમય વહી જાય છે! જાન્યુઆરી મહિનામાં જ ૨ સિંહોના આકસ્મિક મૃત્યુ થયા હતા. રેલવેના વકીલ તેના ઓફિસરોને બચાવવા માટે પ્રયત્ન કરે નહીં. પરંતુ કોર્ટ સમક્ષ ઝીરો અકસ્માત પ્લાન આપે. સિંહો વધશે તો તેમની ટેરીટરીનો પણ વિસ્તાર થશે જ. સિંહો જ નક્કી કરશે કે તેમને ક્યાં રહેવું અને શું કરવું! તેઓ જંગલના રાજા છે! રેલવે પોતાની જવાબદારી ફોરેસ્ટ કે અન્ય વિભાગ પર ઢોળે નહીં. રેલવે અને ફોરેસ્ટ વિભાગ સાથે બેસીને આયોજન કરે.જો રેલવે યોગ્ય રીતે કામ નહીં કરે તો જંગલમાંથી પસાર થતી તમામ ગુડસ ટ્રેનના ટ્રેક બદલવા કોર્ટ આદેશ આપશે. વળી કોર્ટ રેલવેની આ એફિડેવીટનો સ્વીકાર કરતી નથી. રેલવે ગીર વિસ્તારમાં મીટરગેજને બ્રોડગેજમાં બદલવા કોશિશ કરી રહી છે. આ માટેના ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે. રેલવેના અધિકારીઓને તે માટે વાઈલ્ડ લાઈફ બોર્ડની મંજૂરીની પણ જરૂર લાગતી નથી. તાજેતરમાં જ અમરેલીના રાજુલા તાલુકામાં સિહોના ટ્રેન ખાતે અકસ્માત નોંધાયા છે. પીપાવાવથી સુરેન્દ્રનગરનો ટ્રેક પણ સિંહો માટે ભયજનક છે. રેલ્વે દ્વારા આ અકસ્માતોને લઈને કોઈ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો નથી.કોર્ટે મિત્રના સૂચનો ઉપર કોર્ટે નોંધ્યું હતું કે, સૂર્યાસ્તથી લઈને સૂર્યોદય સુધી ગીર સેન્ચ્યુરીમાંથી ટ્રેન પસાર થાય નહીં. કારણ કે, સિંહ રાત્રે એક્ટિવ થનારું પ્રાણી છે. શિકાર પછી સિંહ ૨૦ કલાક ઊંઘે છે, જ્યારે સિંહણ ૧૮ કલાક જેટલો આરામ કરે છે. સિંહની આંખો માણસની આંખો કરતા ૬ ગણી વધારે તાકાતવર હોય છે. પરંતુ ટ્રેનની આકસ્મિક લાઈટ સિંહની દ્રષ્ટિ હરી લે છે. ઘણી જગ્યાએ ફેન્સિંગ તૂટેલા છે અથવા તો કાઢી નાખવામાં આવ્યા છે. જેથી સિંહ રેલવે ટ્રેક ઉપર આવી જાય છે. આથી રેલવે અને રાજ્ય સરકારે આ તમામ જગ્યાએ ફેન્સિંગ કરવાનું રહ્યું.તાજેતરના બે અકસ્માત સંદર્ભે રેલવે કશું કર્યું નથી. રેલવેના ડ્રાઈવરે કહ્યું છે કે, બ્રેક માર્યા છતાં સિંહોને બચાવી શકાયા નથી. ગીરમાં રેલવેની સ્પીડ ૪૫ દ્વ પ્રતિ કલાક જેટલી હોય છે. કોઈપણ તપાસ રિપોર્ટ કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યો નથી. સિંહે આ રાષ્ટ્રનું ગૌરવ છે. રેલવે અને ફોરેસ્ટ વિભાગ સાથે બેસીને જીઁ બનાવે. જે જીઁ મુજબ ભવિષ્યમાં સિંહોનો અકસ્માત ઝીરોએ લાવી શકાય. જોકે, રેલવે જીઁ બનાવવા માટે ચાર અઠવાડિયાનો સમય માગ્યો હતો. કોર્ટે ચાર અઠવાડિયાનો સમય આપતા ઈક્રાર કરતા કહ્યું હતું કે, રેલવેએ છેલ્લા અકસ્માત સર્જયાના બે મહિનામાં કશું કર્યું નથી. રેલવે અને ફોરેસ્ટ વિભાગના ઓફિસરો દિવસ રાત સાથે બેસીને મિટિંગ કરીને SOP બનાવે આ મુદ્દે વધુ સુનાવણી ૧૨ એપ્રિલના રોજ હાથ ધરાશે.

# રાજકોટના વેપારી ફેસબુક મારફતે કોઈલનું મશીન મંગાવતા છેતરાયા: છેતરપિંડી

## મશીનનો ઓર્ડર આપી નાણાં ટ્રાન્સફર કરી દીધા બાદ ફ્રોડ થયાની જાણ થતાં ફરિયાદ નોધાવી

રાજકોટ,

રાજકોટના ભક્તીનગર સ્ટેશન પ્લોટમાં મેજરમેન્ટના ઈન્સ્ટ્રૂમેન્ટનું કામ કરતાં વેપારીએ ફેસબુકમાં આવેલ જાહેરાતના આધારે કોઈલનું મશીન મંગાવવા જતાં ઓનલાઈન ફ્રોડનો ભોગ બન્યા હતાં. વેપારી સાથે રૂ.૭ હજારની છેતરપિંડી થતાં એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.બનાવ અંગે મવડી પ્લોટમાં ગોપાલ પાર્ક શેરી નં. ૪ માં રહેતાં હીતેશભાઈ જયસીંગભાઈ બારડ (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અમદાવાદમાં આવેલ ગ્લોબલ ગૃહ ઉદ્યોગના કર્મચારી અને પિયુષ નામના શખ્સનું નામ આપતાં એ. ડિવિઝન પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ભક્તીનગર સ્ટેશન પ્લોટ ૧૨, બોમ્બે હોટલ ચોક, મેટ્રો હાઉસ બીલ્ડીંગમાં આવેલ દુકાન નં-૦૩ માં મેજરમેન્ટના ઈન્સ્ટ્રૂમેન્ટ રીપેરીંગનુ કામ કરે છે. ગઈ તા.૧૯/૦૨/૨૦૨૪ ના તેઓ દુકાને હતાં ત્યારે ફોનમા ફેસબુકમાં ઘર બેઠા કામ કરી ઈલેક્ટ્રીક કોઈલ બનાવવાના મશીનની જાહેરાત જોયેલ જેથી તેઓને ઘરે ગૃહ ઉદ્યોગ ઈલેક્ટ્રીક કોઈલ બનવાવાનુ શરૂ કરવા માટે જાહેરાતમાં આપેલ મો.નં. ૯૫૧૦૪ ૧૨૬૨૯ પર ફોન કરેલ અને મશીનનો ભાવ અને ડીટેઈલ પુછતા સમેવાળાએ નામ જણાવેલ નહી પરંતુ તે અમદાવાદમાં આવેલ ગ્લોબલ ગૃહ ઉદ્યોગમાથી બોલે છે તેમ જણાવેલ હતું.

તેમજ મશીન જોવા માટે વાત કરતાં સમેવાળાએ રાજકોટમાં એમના મશીન ચાલે છે તો તમે રુબરુ જોઈ આવો અને તે મશીન કોઠારીયા સોલવન્ટ ઈન્ડસ્ટ્રીજ એરીયામાં પીયુષભાઈ પાસે છે. તેમની સાથે ફોનમાં વાત કરતાં રૂબરૂ જોવા બોલાવેલ જેથી તેઓ કીશાન ગૌશાળાની બાજુમા રેલ્વે લાઈનની બાજુમા ગયેલ ત્યા એક શેડ હતો જેના પર કોઈ નામ ન હતુ અને પીયુષભાઈને મળેલ અને તેમણે મશીન બતાવેલ હતું. ત્યારબાદ થોડી વારમા પહેલા વાત કરેલ તે અમદાવાદ વાળા ભાઈનો મશીન જોઈ લીધું તે બાબતે વોટસએપમા મેસેજ આવેલ હતો. ત્યારબાદ બીજા દિવસે અમદાવાદ ગ્લોબલ ગૃહ ઉદ્યોગનુ કહેલ તે ભાઈનો ફોન આવેલ અને કહેલ કે, તમારે મશીન લેવાનુ છે કે નહી જેથી મે તેને કહેલ કે હું વીચારી ને જણાવીશ, બાદમા ફરીવાર તેનો મેસેજ આવેલ કે, તમારા ડોક્યુમેન્ટમાં આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈજનો ફોટો મોકલલવાનું જણાવ્યું હતું. તેમ ઈલેક્ટ્રીક કોઈલ બનાવવનુ મશીન રૂ. ૭ હજારમા આવશે તેમ નક્કી થતા તેને કહેલ કે, હુ તમને સ્કેનર મોકલુ છુ તમે તેમા રૂપિયા પેમેન્ટ કરી આપો તેમ કહેતા તેણે મોકલેલ સ્કેનરમાં ફોન-પે માંથી સ્કેન કરી રૂ.૭,૦૦૦ પેમેન્ટ કરેલ હતું. બાદમાં ડોક્યુમેન્ટ પણ તેના નંબર પર વોટસએપ કરેલ હતાં. ત્યારબાદ તા.૨૪/૦૨/૨૦૨૪ સુધીમા મશીન મળી જશે કહ્યા બાદ મશીન ન આવતા તેને વારંવાર ફોન કરતા તેને ફોન ઉપાડેલ નહી જેથી તા.૨૫/૦૨/૨૦૨૪ ના ફોન કરેલ કહેલ કે, હજી ચાર થી પાંચ દિવસ લાગશે એક સાથે બધાના નીકળશે તો તેમને કહેલ કે, મારે મશીન નથી જોતુ પૈસા પરત આપો તો ફોન ડીસકનેક્ટ કરી નાખેલ અને ત્યારબાદ ફોન રીસીવ કરતા ન હતાં. જેથી તેમની સાથે ઓનલાઈન ફ્રોડ થયાનું જાણવા મળતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટની રાહબરીમાં ટીમે તપાસ હાથ ધરી હતી.

# રાજકોટના જુના માર્કેટ યાર્ડના પાર્કિંગ પાસે જૂગાર રમતાં ત્રણ પકડાયા



રાજકોટ,

રાજકોટના જુના માર્કેટ યાર્ડમાં જૂગાર રમાતો હોવાની બાતમી બી-ડિવીઝનના હેડકોન્સ . હિતેષભાઇ જોગડા, કોન્સ. રાજાભાઇ ગઢવી અને દેવેન્દ્રસિંહ ઝાલાને મળતાં દરોડો પાડી યાર્ડમાં પાર્કિંગની બાજુમાં ગંજીપાનાથી જૂગાર રમી રહેલા ત્રણ શખ્સો. સંજય મુકુંદભાઇ જોષી (રહે. મવડી ચોકડી આકાશદીપ-૧), અશોક કરસનભાઇ માલકીયા (રહે. ધ્રોકડવા ચોટીલા) અને વનરાજ વીનુભાઇ વાટીયા (રહે. નવાગામ સોસાયટી-૧)ને પકડી લઇ રૂા. ૧૦૪૫૦ની રોકડ કબ્જે કરી હતી. પીઆઇ એસ. એમ. જાડેજાની રાહબરીમાં આ કામગીરીમાં જેને બાતમી મળી તેની સાથે હોમગાર્ડ રવિભાઇ પાનસુરીયા, રવિભાઇ ખટારીયા, કોન્સ.મનજીભાઇ ડાંગર પણ જોડાયા હતાં.

## પોલીસ સમાચાર

### રાજકોટના ભગવતીપરામાં વરલી મટકાનો જુગાર રમતો એક શખ્સ પકડાયો

રાજકોટ,

રાજકોટ શહેરના ભગવતી પરા મેઈન રોડ પર એક શખ્સમ જુગાર રમાડતો હોવાથી બી ડીવીઝ પોલીસ મથકના કોન્સવ જગદીશભાઇ વાંક અને કિશનભાઇ સભાડને બાતમી મળતા સ્ટાબફ સાથે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમતા અપ્સકર રહીમભાઇ શેખ (ઉ.વ.૪૬) (રહે. સુથાર શેરી જુનુ ગામ તળ દરબારગઢની પાછળ કોઠારિયા ગામ)ને પકડી લઇ રૂા. ૧૦,૪૫૦ની રોકડ સહિતની મત્તા કબ્જે કરી હતી. આ કામગીરી પી.આઇ. એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.આઇ.શેખ, એ.એસ.આઇ જે.એમ.ઝાલા, કોન્સા. જગદીશભાઇ વાંક, કિશન સભાડ અને કોન્સ. ધર્મેશભાઇ ધોરળીયા દ્વારા કરવામાં આવી હતી.

### રાજકોટ રેલનગર છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં આર્થિકભીંસથી કંટાળી યુવાનનો આપઘાત

રાજકોટ,

રાજકોટ મોરબી રોડ ન્યુ ૮૦ ફૂટ રોડ ન્યુ? જલારામ સોસાયટીમાં રહેતા રોહિત જીતુભાઇ નિમાવત (ઉ.વ.૨૪) ગઇકાલે રેલનગર છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતા તેના ભાઇના ઘરે ગયો હતો બાદ ત્યાંરથી નિકળી છત્રપતિ ટાઉનશીપમાં તેણે ઘઉંમાં નાખવાનો પાવડર પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતુ. આ બનાવની જાણ થતા પ્ર.નગર પોલીસ મથકના પી.એસ.આઇ. પો.કો. પઢીયારે તપાસ હાથ ધરી છે. મૃતક યુવાન છૂટક મજૂરીકામ કરતો હતો. ઘણા સમયથી આર્થિક ભીંસમાં સપડાતા તેના કારણે આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળે છે.

### રાજકોટના શાપરમાં પિતાએ ઠપકો આપતાં પુત્રએ વધુ પડતી દવાની ટીકડીઓ પીધી

રાજકોટ,

રાજકોટના શાપરમાં એમેઝી ટેક્નોપ કંપની પાસે રહેતો અને કારખાનામાં કામ કરતો મુળ બિહારનો ગૌરવ સંજયભાઇ શાહુ (ઉ.૧૮) પોતાના પિતાની પગના દુઃખાવાની વધુ પડતી ટીકડીઓ પી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિંટલ ચોકીના રામશીભાઇ વરૂ અને તૌફિકભાઇ જુણાચે શાપર પોલીસને જાણ કરી હતી. ગૌરવ બે ભાઇમાં મોટો છે. તે નાના ભાઇ સાથે ઝઘડો કરતો હોઇ પિતાએ ઠપકો આપતાં માઠુ લાગવાથી તેણે આ પગલુ ભર્યાનું જણાવાયું હતું.

### રાજકોટમાં ચિંતામાં રહેતાં મહિલાએ બિમારીની વધુ દવા પીધી : સારવારમાં દાખલ

રાજકોટ,

રાજકોટના કેવડાવાડી-૪માં રવિકિરણ એપાર્ટમેન્ટીમાં રહેતાં પારૂલબેન આનંદભાઇ દુલા (ઉ.વ.૪૨)એ બીમારીની વધુ પડતી દવા પી લેતાં તબિયત બગડતાં સિવિલ હોસ્પિ ટલમાં ખસેડાતાં તબિબે પોલીસ કેસ જાહેર કર્યો હતો. પારૂલબેનને સંતાનમાં એક પુત્ર છે. પતિ કાચ ફીટીંગનું કામ કરે છે. પારૂલબેન વર્ષોથી કેવડાવાડીમાં હોઝીયરીની દુકાનમાં નોકરી કરતાં હતાં. પણ હવે થાકી જતાં હોઇ કેટલાક સમયથી નોકરી મુકી દીધી હતી. આ પછી તે ચિંતામાં રહેતાં હોઇ પગલુ ભરી લીધાનું જણાવાયું હતું.

### પડધરી પોલીસની બે સ્થળે સફળ રેડ : દારૂ સાથે ત્રણ શખ્સો પકડાયા

રાજકોટ,

રાજકોટના પડધરીના પીએસઆઇ ગજુભા ઝાલા તથા સ્ટાફે હરીપર ખારી વાડી વિસ્તારમાં રેઇડ કરી ૮૭ બોટલ દારૂના જથ્થા સાથે વિરભદ્રસિંહ કિશોરસિંહ જાડેજા રહે. ખાખડાબેલા-૫ તથા મુકેશ ખીમજીભાઇ સિંધવ રહે. હરીપર પારીને ૩૬,૫૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધા હતાં. તેમજ પડધરીમાં શાક માર્કેટમાં રેઇડ કરી શાકભાજી સાથે દારૂનો વેપલો કરતા રમેશ ત્રિકમભાઇ ડાભી રહે. મેમણવાસ પડધરીને ૨૯ બોટલ દારૂ કિ. ૧૦,૮૭૫ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં શો રૂમમાં પ્રથમ માળેથી પટકાયેલા આધેડનું સારવાર બાદ મોત

રાજકોટ,

રાજકોટ શહેરના પંચાયત ચોકમાં બુટ - ચંપલના શો રૂમમાં પ્રથમ માળેથી પટકાયેલા રમેશભાઈ જીવરાજ ભાઈ કોરિયા (ઉ.વ.૫૯)નું ૧૮ દિવસની સારવાર બાદ મોત થયું છે. રેલનગરમાં રહેતા મૃતક ૯ માર્ચે પંચાયત ચોકમાં શુભમ સૂઝ નામના શો રૂમે બુટ ખરીદવા ગયા હતા ત્યારે અકસ્માતે બનાવ બનેલો. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.



રેલનગર મહાદેવ પાર્કમાં રહેતા રમેશભાઈ જીવરાજ ભાઈ

બનાવની વિગત મુજબ કોરિયા (ઉ.વ.૫૯) નામનાં પ્રૌઢ ગત ૯/૩ એ પંચાયત ચોક પાસે આવેલ શુભમ સૂઝ નામની દુકાનમાં સૂઝ ખરીદવા ગયા હતાં.ત્યારે અકસ્માતે પ્રથમ માળેથી પડી જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જયાં ૧૮ દિવસની સારવાર બાદ મોત નિપજયું હતું. મૃતક બે ભાઈ અને એક બહેનમાં નાનાં હતાં તેમજ તેઓને સંતાનમાં બે દીકરા હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરીવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# રાજકોટ જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા વધુ ૧૧ દંડાયા: ઈ-ચલણ દંડ ફટકાર્યો



રાજકોટ,

રાજકોટ શહેરમા સફાઇ અંગે જાગૃતિ આવે અને શહેરને પ્લાસ્ટીક મુકત કરવા,સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીરક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યધમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૨૫ તથા તા.૨૬ ના રોજ ૧૧ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ, કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# રાજકોટ શહેરના વધુ ૨૫ હજાર વ્યવસાય ધારકોને પ્રોફેશનલ ટેક્ષ મામલે નોટીસ

## મનપાને વ્યવસાય વેરાનો ૨૮ કરોડનો લક્ષ્યાંક પૂર્ણ : કુલ ૧.૫૦ લાખમાંથી માત્ર ૨૭૪૧૯ વેપારીઓએ વેરો ભર્યો

રાજકોટ,

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને શહેરના ૨૭ હજાર વ્યવસાયીક ધારકો અને ૨૯ હજાર કર્મચારીઓએ રૂા. ૨૮.૩૦ લાખનો વ્ય વસાય વેરો ભરપાઇ કર્યો છે. આ વર્ષે વ્યવસાય વેરાનો લક્ષ્યાંક ૨૮ કરોડનો હતો.મનપા તંત્ર દ્વારા ૧૦ હજારથી વધુનો વ્યવસાય વેરો બાકી હોય તેવા વકીલો, ડોકટરો, ખાનગી કોમ્યુનિટી હોલ, સમાજની વાડી તથા મોટા વેપારીઓ સહિત કુલ ૨૫ હજાર વ્યવસાયિક ધારકોને નોટીસ ફટકારવામાં આવી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં વ્યવસાય વેરાની આવકનો લક્ષ્યાંક ૩૮ કરોડ રાખ્યો હતો પરંતુ બજેટમાં રિવાઈઝ કરતા ૨૮ કરોડ કરવામાં આવ્યો હતો. કોર્પોરેશનને ૧ એપ્રિલ ૨૦૨૩ થી ૨૬ માર્ચ ૨૦૨૪ સુધીમાં વ્યવસાય વેરાની કુલ ૨૮.૩૦ કરોડની આવક થવા પામી છે. જેમાં પીઈસી (વેપારીઓ)ના ૨૭,૪૧૯ અને પીઆરસી (કર્મચારીઓ)ના ૨૮.૮૯૭ ખાતાનો સમાવેશ થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ચોપડે અંદાજીત ૧.૫૦ લાખ વ્યાવસાયિકો નોંધાયેલા છે પરંતુ દર વર્ષે માત્ર ૨૫ થી ૩૦ હજાર વ્યસવસાયિક ધારકો દ્વારા વ્ય.વસાય વેરો ભરવામાં આવે છે. આગામી સમયમાં તંત્ર દ્વારા આ ઝુંબેશ કડક બનાવવવામાં આવનાર હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. સાથોસાથ વ્યોવસાયિક મિલ્કવત નંબર સાથે પ્રોફેશનલ ટેકસની વિગત પણ હવે લીંકઅપ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ, શહેરમાં નોંધાયેલા વ્યસવસાયિક ધારકોએ વ્યવવસાય વેરો ફરજીયાત ભરવો પડશે.

# રાજકોટમાં લક્ષ્મીનગર મેઈન રોડ ઉપર ચોરાઉ બાઈક સાથે એક ઝડપાયો

રાજકોટ,

રાજકોટના માલવીયાનગર પોલીસ સ્ટેશનના પેટ્રોલીંગમાં લક્ષ્મીનગર રોડ પર ચોરાઉ બાઇક સાથે એક શખ્સને ઝડપી તાલુકા પોલીસ સ્ટેશનના ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. માલવીયાનગર પોલીસ સ્ટેશનના પીઆઇ જે.આર. દેસાઇના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ. મહેશભાઇ અને ભાવેશભાઇ ગઢવીએ લક્ષ્મીનગર રોડ પર શંકાસ્પદ હાલતમાં બાઇક નં. જી.જે.૦૩-ડીજે-૬૮૭૯માં પસાર થતાં ધર્મેશ દશરથ પરમાર (રહે. રામનગર શેરી નં.૨, સીટી ઇમ્પીરીયા એપા. બ્લોક નં. ૪૦૩)ને અટકાવી પૂછપરછ કરતાં બાઇક તેમણે ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાધીકા રેસ્ટોરન્ટની બાજુમાં લાભદીપ સોસાયટીમાંથી ચોરી કરેલ હોવાનું ખુલતા તેની ધરપકડ



કરી બાઇક કબ્જે લેવામાં આવ્યું હતું.

આ બાઇક ચોરી થયાની તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થયેલ હોવાથી ધર્મેશ પરમારને તાલુકા પોલીસને હવાલે કરવા તજવીજ હાથ ધરી છે. આ કામગીરીમાં જે.આર. દેસાઇ, ડી.એસ. ગજેરા, અજયભાઇ વિકમા, દિનેશ બગડા, જયદેવસિંહ, પો.કોન્સ. ભાવેશ ગઢવી, મયુરદાન ગઢવી, જયદિપસિંહ, હરસુખભાઇ સબાડ, હિતેષભાઇ અગ્રાવતે બજાવી હતી.

# રાજકોટ નાગરિક બેંકના નિવૃત કર્મચારીનું હૃદય બેસી ગયું

રાજકોટ,

રાજકોટ નાગરિક બેંકના નિવૃત કર્મચારી લાલજીભાઈ ચૌહાણ પોતાનાં ઘરે ખુરસી પર બેઠાં હતાં.ત્યારે બેભાન થયાં બાદ સારવારમાં દમ તોડી દિધો હતો.જયારે પુનિતનગરના ટાંકા પાસે રહેતાં બાબુલાલ પંચાસરા ઘરે જ ઢળી પડતાં ૧૦૮ ની ટીમે મૃત જાહેર કર્યા હતા. પ્રથમ બનાવની વિગત મુજબ લક્ષ્મીવાડી શેરી નં-૧૦ માં રહેતાં લાલજીભાઈ માધુભાઈ ચૌહાણ (ઉ.વ.૭૦) નામનાં વૃદ્ધ ગઈ કાલ રાત્રિના પોતાનાં ઘરે ખુરસી પર બેઠાં હતાં. દરમિયાન બેભાન થઈ જતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક નાગરિક બેંકના નિવૃત કર્મચારી હતાં. હાલ નિવૃત જીવન જીવતા હતા. તેઓને સંતાનમાં બે પુત્રી અને બે પૂત્ર હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું.

# રાજકોટ મનપાએ કામમાં વિલંબ કરવા બદલ કોન્ટ્રાકટરોને નોટીસ ફટકારી :મુદત પ્રમાણે કામ પૂર્ણ કરવા તાકીદ

## મવડીના સ્પોટર્સ કોમ્પલેક્ષ અને ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્લેક્ષની મુલાકાત લેતા મ્યુ.કમિશનર આનંદ પટેલ

રાજકોટ,

રાજકોટ શહેરના વોર્ડનં ૧૨માં મવડી મેઈન રોડ પાસે ઈન્ડોર સ્પોર્ટ્સા કોમ્પ્લેક્ષ બનાવવામાં આવી રહ્યું છે. જેની તા.૨૬ના મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે અધિકારીઓ સાથે મુલાકાત કરી ચાલી રહેલ કામગીરીનું નિરીક્ષણ કરી આ સ્ટેડીયમના કામને ઝડપથી પુર્ણ કરવા તાકિદ કરી છે. અહિં નોંધનીય છે કે આ કામની મુદત ૧૮ માર્ચે પુર્ણ થઇ છે. કામમાં વિલંબ ન કરવા મનપા દ્વારા કોન્ટ્રાકટરને ૮ થી ૧૦ નોટીસ અપાઇ છે.

ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની વધુ માહિતી આપતા મ્યુ નિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલે જણાવ્યુંન હતું કે, વોર્ડ નં.૧૨માં મવડી મેઈન રોડ પર ઈન્ડોર સ્પોર્ટ્સ્ કોમ્પ્લેક્ષના નિર્માણ થવાથી રાજકોટ શહેરને રમત-ગમત માટે એક ભવ્યણ અને આધુનિક સુવિધા સાથેનું સંકુલાપ્ર થશે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના ક્ષમાં ૧૧૮૩૧.૦૦ચો.મી. જગ્યામાં ૯૫૦૦.૦૦ ચો.મી. બાંધકામ કરવામાં આવી રહ્યું છે, આ ઈન્ડો સ્પોર્ટ્સ્ કોમ્પ્લેક્ષનો અંદાજિત ખર્ચ રૂા.૨૨.૩૩ કરોડ થનાર છે. ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના ઓપન ગ્રાઉન્ડમાં પાર્કિંગની સુવિધા, ટેનિશની રમત માટેના બે ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલ ની રમત માટેના એક બાસ્કેટ બોલ કોર્ટ, વોલી બૉલની રમત માટેના એક વોલી બૉલ કોર્ટ અને કબ્બડી માટેના ગ્રાઉન્ડ ની સુવિધા ઉપલબ્ધ થશે તેમજ ગ્રાઉન્ડ્ ફ્લોર પર કોમન એડમિનિસ્ટ્રેશન એરિયા, વેટિંગ એરિયા, ૧૨૦૦ લોકો બેસી શકવાની ક્ષમતાવાળું ઈન્ડોર સ્ટેડિયમ, પ્લેએ-ગ્રાઉન્ડ એરિયા (૪૪ મી. ઠ ૩૪ મી.) જેમાં બેડમિંટન રમત માટે છ કોર્ટ અને એક મલ્ટી ગેમ કોર્ટ, સ્કિવોશ રમત માટેનો હોલ (૨૬ મી. ઠ ૮ મી.) જેમાં બે સ્કટવોશ કોર્ટ, ટેબલ ટેનિસ રમત માટેનો હોલ જેમાં છ ટેબલ ટેનિસ, ૧૦ મી. અરચેરી રમત માટે મહીલા અને પુરૂષ ના અલગ એક-એક હોલની સુવિધા ઉપલબ્ધ થશે.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## પ્રાથમિક કેળવણીની વાસ્તવિકતા

નવી એજ્યુકેશન પોલીશી નો અમલ થાય તે સારી વસ્તુ છે.સમયની સાથે કેળવણીમાં પણ ફેરફાર થાય તે પણ જરૂરી છે. પણ આજે જે વાસ્તવિકતા છે તેને નજરઅંદાજ કરી શકાય એમ નથી.ગામડાની શાળા માં ભણતો ૫ વર્ષના બાળકને ૧૦૦ એકડા ન આવડે તો પરિસ્થિતિ સિરિયસ કહી શકાય.

આમ છતાં એજ્યુકેશન હાઇટેક બની રહ્યું છે.નવી શિક્ષણ નીતિમાં દરેક બાળક માટે ડિજિટલ રિપોર્ટ કાર્ડ બનશે જેને કારણે તેની પ્રગતિ કેટલી થઈ છે તે દર્શાવવામાં આવશે તેને કેટલું નથી આવડતું તે પણ તેમાં પ્રદર્શિત થશે આમ શિક્ષણ વધુ કાર્યક્ષમ બનાવવામાં માટે રાજ્ય સરકારે કમર કસી છે.

કોઈપણ બાળક માટે જીવનલક્ષી શિક્ષણ જરૂરી છે બાળક પાંચ વર્ષનું થાય એટલે ૨૫ પ્રકારની વિવિધ પ્રકારની પોતાના જીવનને લગતી પ્રવૃત્તિ જાતે કરી શકે એટલે શિક્ષણનો પાયો ગણી શકાય પાંચ દાયકા પહેલાના શિક્ષણકારો જીવનલક્ષી શિક્ષણને જ મહત્વ આપતા હતા પરંતુ ધીમે ધીમે સમયની સાથે પરિવર્તન થતું ગયું શિક્ષણ વધુને વધુ હાઈ ટેક બનતું ગયું પાટી સલેટને બદલે આજે વિદ્યાર્થીના હાથમાં સ્માર્ટફોન અને લેપટોપ છે ઓનલાઇન એજ્યુકેશન આવી ગયું આના પ્રમાણમાં જે રીતે એજ્યુકેશનનો સ્ત્ર વધવું જોઈએ તે હજુ હજુ નથી.

કોરોના કાળ દરમિયાન દુનિયાભરના બાળકોને લર્નિંગ લોસ થયો છે તે જેવો તેવો નથી તે અંગે પણ સર્વે કરવામાં આવ્યો છે ઓનલાઇન એજ્યુકેશનના શરૂઆતમાં ફાયદા દેખાતા હતા પરંતુ હવે તેના નેગેટિવ પોઇન્ટ પણ સામે આવવા લાગ્યા છે જે ફાયદા કરતાં ગેરફાયદા વધુ છે તો આ ગેરફાયદા ને કેવી રીતે નિવારવા તેનું મનોમંથન શિક્ષણ જગતના લોકો કરી રહ્યા છે અને તેને કારણે શિક્ષણ પદ્ધતિમાં મોટો બદલાવ આવી રહ્યો છે

પરીક્ષા પાસ થયા પછી દરેક વિદ્યાર્થીને પરિણામ પત્ર કાપવામાં આવે છે પહેલા પરિણામ માત્ર એક ચોરસ કાગળમાં આવતું પછી હવે બુકલેટ માં આવે છે હવે ઓનલાઇન આવે છે આમાં પણ હજુ નવી શિક્ષણનીતિમાં મોટો બદલાવ કરવામાં આવી રહ્યો છે ક્યા બાળકને પાછળના ધોરણમાં ક્યા વિષયમાં શું શીખવાનું બાકી છે તે હવે આ રિપોર્ટ કાર્ડમાં દર્શાવવામાં આવશે ધોરણ ત્રણ થી આઠ ના વિદ્યાર્થીઓના રિપોર્ટ કાર્ડ બનશે તેમાં પાછલા વર્ષની ખામી પણ લખવામાં આવશે જે નવા સત્રમાં ઉમેરાશે અને વિદ્યાર્થીને આ રીતે શિક્ષણની અંદર જે ખામી રહી ગઈ છે તે પરિપૂર્ણ કરવામાં આવશે હવે પછી રાજ્યના તમામ બાળકોના આવા રિપોર્ટ કાર્ડ બનશે અને તેની માહિતી અપલોડ પણ કરવી પડશે દાખલા તરીકે આ રિપોર્ટ કાર્ડ માં એક શાળાના ત્રીજા ધોરણના ગણિતનું રિપોર્ટ કાર્ડ છે આ શાળામાં ધોરણ ત્રણ પાસ કરી ચોથા ધોરણમાં પ્રવેશેલા બાળક ને શું નથી આવડતું તે દર્શાવવામાં આવશે દાખલા તરીકે કોઈ બાળકને ગણિતમાં ભાગાકાર નથી આવડતા તો તેનો ઉલ્લેખ હશે આથી આગળના ધોરણમાં આ વસ્તુ પહેલા જાણ પર લઈને તેને ભાંગાકાર શીખવવામાં આવશે આથી નવા ધોરણના શિક્ષકને સૌથી પહેલા તે બાળકને શું શીખવાડવું તે સ્પષ્ટ થઈ જશે અને તેનું કામ સરળ બની જશે

રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાતની શિક્ષણ પદ્ધતિમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે અત્યાર સુધીમાં ધોરણ આઠ સુધી કોઈ બાળકને નાપાસ કરવામાં નહોતા આવતા પરંતુ તેમાં હવે અનેક બાળકને પાયાનું

# પૈસા માટે જ આ વાચન લેખન ?



હમણાં ફેબ્રુઆરી મહિનામાં મારા પુસ્તક "અદ્દભૂતમ સંસ્કૃતમ" પુસ્તકનું વિમોચન થયું. પુસ્તકને ખૂબ જ સુંદર પ્રતિભાવ મળ્યો. ઘણા બધા વિદ્વાન લોકોના ફોન આવ્યા, મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી. અમુક વિદ્વાન મિત્રોએ તો ત્યાં સુધી જણાવ્યું કે આ પુસ્તકતો યુનિવર્સિટીમાં પાઠ્ય પુસ્તક તરીકે મૂકવું જોઈએ. તો અમુક વિદ્વાન મિત્રોએ કહ્યું કે સાહિત્ય સાથે જોડાયેલ દરેકે દરેક વ્યક્તિએ આ પુસ્તક અચૂક વાંચવું જ જોઈએ. કારણ કે આપણા પૂર્વજોએ જે સાહિત્યિક પ્રયોગો કર્યા છે, જે કાગળ પેનની પણ શોધ ન હોતી થઈ ત્યારે એમણે કરેલા છે. એ જાણવા તો અચૂક વાંચવું જોઈએ. એક બહેને તો એમ કહ્યું કે અમારા કોનવેન્ટીયા બાળકોને ખબર આ બધી ખબર પડે એટલે અંગ્રેજીમાં આ પુસ્તક ક્યારે આપો છો ? આપણી યુવા પેઢીને આ વાતો ચોક્કસ ખબર પડવી જોઈએ. આ બધું સાંભળીને એક આત્મસંતોષ થાય કે સાહિત્ય ક્ષેત્રે આપણે કરેલા પ્રયત્નને ચોક્કસ સફળતા મળી છે.

**અન્વેષણ** - C.A. પરેશ ભટ્ટ

આમ છતાં અમુક લોકોને એવું મનમાં હોય કે જીવનનું કેન્દ્ર સ્થાન એટલે પૈસો. એ સિવાયની દરેક પ્રવૃત્તિ નકામી.એવા જ એક પ્રોફેશનલ મિત્ર મને કહે આ "અદ્દભૂતમ સંસ્કૃતમ" લખીને તમને શું પૈસા મળે ? મેં કહ્યું કલાનું મૂલ્ય બીજા માટે હોય કલાકાર માટે તો એ અમૂલ્ય જ હોય. કોઈ પણ કિંમત તેને મળે એ ઓછી જ હોય. કારણ કલાનું સર્જન જે આત્મસંતોષ આપે જે ખુશી આપે તેને તમે ક્યાં તોલવા જવાના ? એ આત્મસંતોષની કોઈ કિંમત હોય ? એ ખુશીનું કોઈ મૂલ્યાંકન હોય ? જે રીતે બાળકને જન્મ આપ્યાનો આત્મસંતોષ મા ને હોય છે એવો જ આત્મસંતોષ એક પુસ્તક પૂર્ણ થઈને હાથમાં આવે ત્યારે લેખકને થતો હોય છે. મા ને પીડા કરતા પુત્ર જન્મનો આંનદ વધુ હોય એમ જ લેખકને પુસ્તક લખતા પડેલી મુશ્કેલીઓ સામે પુસ્તક હાથમાં આવે ત્યારે જે આંનદ હોય છે જે અવર્ણનિય હોય છે. મા ને માટે બાળકની કોઈ કિંમત હોય ? બાળક અમૂલ્ય જ હોય.

આમ છતાં તેના મગજમાં પૈસાના જ બટેટા બફાતા હતા. મને કહે એ બધું તો ઠીક છે પણ રૂપિયા કેટલા મળે ? પ્રેક્ટિસમાં વધારો થાય ? કોઈ ક્લાયન્ટ વધે ? મેં કહ્યું હા ચોક્કસ તો મને કહે કેમ ? મેં એમને હજુ ગયા અઠવાડિયે બનેલી ઘટના જ કહી કે મારે ઇન્કમ ટેક્સમાં એક કેસ ચાલતો હતો.ખૂબ મોટી રકમની મેટર હતી.ઇન્કમ ટેક્સમાં સામાન્ય રીતે મુખ્ય બે મુદ્દા હોય એક કાયદાકીય પ્રશ્ન - લો બેઝ અને બીજો હકીકતનો-ફેક્ટ બેઝ પ્રશ્ન. આ બે માંથી સામાન્ય રીતે કોઈ એક પ્રશ્ન હોય. મારા કેસમાં આ બન્ને પ્રશ્નો હતા-બન્ને મુદ્દા હતા.

આ સમયે મારા વાંચનનો શોખ જેમાં સંસ્કૃતનો ન્યાય અને વૈષેશિકનો દર્શનનો અભ્યાસ, તર્ક શાસ્ત્રનો અભ્યાસ મને ખૂબ જ ઉપયોગી થાય. કોઈ પણ વાતને જુદા જુદા દ્રષ્ટિકોણથી જોવાની ટેવ પાડે.કોઈ પણ દલીલને તાર્કિક રીતે રજૂ કરવામાં ખૂબ જ સુગમતા રહે.કાયદાની કલમનું જુદા જુદા એંગલથી પૃથક્કરણ કરવાની ટેવ પાડે.જે ફેક્ટ કે હકીકત હોય તેને એસેસી કે કલાયન્ટની ફેવરમાં રજૂ કરવા માટેના તર્ક, દલીલ, રજુઆત માટે સરળતા રહે, ખૂબ જ ચોટદાર રીતે થઈ શકે. જે મને પ્રેક્ટિસમાં પણ ખૂબ જ ઉપયોગી થાય.એ કેસમાં મને કલાયન્ટની ફેવરમાં નિર્ણય લાવવામાં આ બધી જ વાતો ખૂબ જ ઉપયોગી બની છે. હવે કહો આ બધું પ્રેક્ટિસમાં ઉપયોગી થાય કે નહીં ? પૈસા કમાવી આપે કે નહીં ?

એટલે એ મિત્ર એ પાટલી બદલી કે આટલું બધું વાંચવાનો સમય ક્યારે મળે છે ? મેં કહ્યું કે હું વેબ સિરીઝ, ફિલ્મ, ટીવી કે સોસીયલ મીડીયામા ખૂબ ઓછો સમય ફાળવું છું.બીજું મારી એક મિનિટ પ્રવૃત્તિ વગરની ન હોય.પણ આ બધી પ્રવૃત્તિ પૈસા કમાવા માટે નહીં પરંતુ નિજાનંદ માટે છે. હા, તેના પૈસા મળે છે એ સાઈડ ઇફેક્ટ છે.પણ પૈસા માટે "જ" આ પ્રવૃત્તિ નથી થતી.જેમ શરદીની દવા લઈએ ને ઊંઘ આવે તે સાઇડ ઇફેક્ટ છે પણ ઊંઘવા માટે એ દવા નથી લેતા.

બીજું વાંચન લેખનની પ્રવૃત્તિ એ મનને શાંતિ આપે છે, આંનદ આપે છે.આજે ઘણા ડોકટર્સ ખૂબ સરસ લખે છે, એ બધા જ કંઈ થોડા પૈસા માટે લખે છે એમની પ્રેક્ટિસ ખૂબ સરસ જ ચાલે છે. તેઓ હેલ્થી પ્રેક્ટિસ માટે નથી લખતા પરંતુ પ્રેક્ટિસ માટે હેલ્થી રહી શકાય એ માટે લખતા હોય છે. બસ અમારું પણ આવું જ કંઈક છે.

# ગુરુના યુરોપા ચંદ્ર પર એલિયન્સની હાજરી હોઈ શકે - નાસા

## નાસાએ આ મિશન માટે હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા



અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીના એક સંશોધકે દાવો કર્યો છે. સંશોધકોએ કહ્યું છે કે અમેરિકન સ્પેસ એજન્સી નાસા ૨૦૩૦ સુધીમાં એલિયન્સની શોધ કરશે. સંશોધકોએ દાવો કર્યો છે કે ગુરુના ચંદ્ર યુરોપા પર એલિયન્સની હાજરી હોઈ શકે છે.

શું ખરેખર એલિયન્સ છે? જો તેઓ આ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવે છે તો તેઓ ક્યાં છે? જો તેઓ જોઈ રહ્યા છે તો તેઓ ક્યાંથી જોઈ રહ્યા છે? ઘણા વર્ષોથી, વિશ્વભરની એજન્સીઓ શોધી રહી છે કે જો આ દુનિયામાં એલિયન્સ છે, તો પછી તેઓ ક્યાં છે? કારણ કે ઘણી વખત એવો દાવો કરવામાં આવ્યો છે કે પૃથ્વી પર એલિયન્સ આવ્યા છે અને તેમના યુએફઓ પણ ઉતરતા જોવા મળ્યા છે. અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીના એક સંશોધકે દાવો કર્યો છે. સંશોધકોએ કહ્યું છે કે અમેરિકન સ્પેસ એજન્સી નાસા ૨૦૩૦ સુધીમાં એલિયન્સની શોધ કરશે.

**વિશેષ**

સંશોધકોએ દાવો કર્યો છે કે ગુરુના ચંદ્ર યુરોપા પર એલિયન્સની હાજરી હોઈ શકે છે. હવે તેમના વિશે જાણવા માટે એક મિશન શરૂ કરવામાં આવશે. ખરેખર, નાસા આ વર્ષે ઓક્ટોબરમાં યુરોપા ક્લિપર નામનું અવકાશયાન અવકાશમાં મોકલવા જઈ રહ્યું છે. યુરોપા ક્લિપર સાડા પાંચ વર્ષ સુધી પ્રવાસ કરશે, ત્યારબાદ તે ગુરુના ચંદ્ર યુરોપા સુધી પહોંચશે. અહીં પહોંચ્યા પછી, તે આ ચંદ્ર પર જીવનના સંકેતો શોધવાનું શરૂ કરશે. તમને જણાવી દઈએ કે આ સ્પેસક્રાફ્ટ બનાવવામાં ૧૭૮ મિલિયન ડોલર એટલે કે ૧૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઓક્ટોબરમાં લોન્ચ થયા બાદ યુરોપા ક્લિપર ૨૦૩૦ સુધીમાં યુરોપા ચંદ્રની યાત્રા પૂર્ણ કરશે.

ડેઈલી મેલના અહેવાલ મુજબ, વોશિંગ્ટન યુનિવર્સિટીના સંશોધકોની એક ટીમે કહ્યું કે યુરોપા ક્લિપર અવકાશયાન આધુનિક ઉપકરણોથી સજ્જ છે. આ સાધનો યુરોપા ચંદ્રના મહાસાગરોમાંથી નીકળતા બરફના નાના કણોમાં જીવન હાજર છે કે કેમ તે પણ શોધી શકે છે. સાધનો દ્વારા, તે રસાયણો કે જે પૃથ્વી પર જીવન માટે જવાબદાર છે તે પણ શોધી શકાય છે. યુરોપા ચંદ્ર વિશે દાવો કરવામાં આવે છે કે અહીં વિશાળ મહાસાગરો છે અને તેમના પર બરફની મોટી ચાદર છે.

બરફની ચાદરની નીચે જીવન અસ્તિત્વમાં હોઈ શકે છે, જો કે તે હજી સ્પષ્ટ નથી કે એલિયન્સ અહીં અસ્તિત્વમાં છે કે કેમ. દાવો કરવામાં આવી રહ્યો છે કે જો અહીં એલિયન્સ હશે તો પણ તેઓ નાના જીવાણુઓ અથવા બેક્ટેરિયાના રૂપમાં હાજર રહેશે. આ કારણે જ નાસાએ અભ્યાસ માટે યુરોપાને પસંદ કર્યું છે. કારણ કે ત્યાં પાણી છે અને જો પાણી છે તો જીવન પણ રહી શકે છે.

# વોટ્સએપ લાવી રહ્યુ છે જબરદસ્ત ફીચર

### આ ફીચર્સમાંથી એક AI પાવરથી જે ફોટો એડિટિંગના અનુભવને નેક્સ્ટ લેવલ પર લઈ જશે

આજે WhatsApp નો ઉપયોગ ભારત સહિત સમગ્ર વિશ્વમાં કરોડો લોકો કરે છે. કંપની યુઝર અનુભવને બહેતર બનાવવા માટે નવા ફીચર્સ પણ રજૂ કરતી રહે છે. તાજેતરમાં, કંપની ૩ નવી સુવિધાઓનું પરીક્ષણ કરતી જોવા મળી છે.

ખાસ વાત એ છે કે આ ફીચર્સમાંથી એક છૈં પાવરથી સજ્જ લાગે છે. જે ફોટો એડિટિંગના અનુભવને નેક્સ્ટ લેવલ પર લઈ જશે. ઉપરાંત, કંપની ચેટ સૂચિમાંથી જ UPI ઊઇ કોડ સ્કેન કરવા માટે એક સરસ અપડેટ લાવી રહી છે. ત્રીજા ફીચરની વાત કરીએ તો કંપની વોઈસ નોટ્સમાં ફેરફાર કરવા જઈ રહી છે.

WhatsApp એક એવી સુવિધાનું પરીક્ષણ કરી રહ્યું છે જે વપરાશકર્તાઓને તેમના ફોટાને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે AI દ્વારા એડિટ કરવાની મંજૂરી આપશે. આ ફીચરની મદદથી તમે કોઈપણ ફોટોને રિસ્ટાઈલ કરી શકશો અથવા તેને વિસ્તૃત કરી શકશો. દરમિયાન, કંપની એક એવી સુવિધા પર પણ કામ કરી રહી છે જે વપરાશકર્તાઓને સર્ચ બારમાંથી સીધા જ કંપનીની ‘મેટા એઆઈ’ સેવાને પ્રશ્નો પૂછવાની મંજૂરી આપશે. ફીચર ટ્રેકર WABetaInfo અનુસાર, આ ફીચર એન્ડ્રોઇડ વર્ઝન ૨.૨૪.૭.૧૩ અપડેટ સાથે જોવામાં આવ્યું છે. જો કે, આ સુવિધા હજુ વિકાસના તબક્કામાં છે. હાલમાં, ફક્ત બીટા વપરાશકર્તાઓ જ આ સુવિધાનો ઉપયોગ કરી શકે છે, પરંતુ એકવાર પરીક્ષણ પૂર્ણ થયા પછી, કંપની તેને દરેક માટે બહાર પાડશે.

તાજેતરના એક રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે કંપની ચેટ લિસ્ટમાંથી જ UPI ઊઇ કોડને સ્કેન કરવા માટે એક નવું ફીચર લાવી રહી છે. આ સુવિધા ખૂબ ઉપયોગી થશે કારણ કે ભારતમાં ઘણા લોકો પહેલાથી જ પૈસા મોકલવા અને મેળવવા માટે ઉરકુંજઌૅ પેમેન્ટ્સનો ઉપયોગ કરી રહ્યા છે.

તેથી, આ અપડેટ ઘણા વપરાશકર્તાઓ માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે, જે તેમના માટે એપ્લિકેશનની અંદર વ્યવહાર કરવાનું વધુ સરળ બનાવશે.

આ સિવાય કંપની વોઈસ નોટ ફીચરમાં મોટું અપગ્રેડ કરવા જઈ રહી છે જ્યાં તમને વોઈસ નોટની નીચેના ટેક્સ્ટમાં વોઈસ નોટમાં શું છે તેની માહિતી જોવા મળશે. જોકે, આ ફીચર શરૂઆતમાં માત્ર iOS યુઝર્સ માટે જ લોન્ચ કરવામાં આવશે. કંપની તેને પછીથી એન્ડ્રોઇડ યુઝર્સ માટે રજૂ કરશે. આ ફીચર એન્ડ્રોઇડ વર્ઝન ૨.૨૪.૭.૮ પર જોવામાં આવ્યું છે.

# આંતરરાષ્ટ્રીય સ્તરે રૂપિયો ડોલર સામે અડીખમ બની ઉભો રહેશે

## રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જાય તે દિવસો હવે દૂર નથી વિશ્વના ઘણા દેશોએ વિનિમય માટે રૂપિયાને પ્રમાણિત કર્યો છે ધીમે ધીમે ડોલરની જેમ જ તે રૂપિયો આંતરરાષ્ટ્રીય વિનિમય માટે મહત્વનું સ્થાન લેશે તેવી આશા અસ્થાને નથી



વિશ્વમાં આજે ડોલરનો મુકાબલો કોઈ કરી શકે તેમ નથી સૌથી તાકાત આજે ડોલરની છે એની સામે રૂપિયો સાવ નબળો ગણી શકાય પરંતુ ધીમે ધીમે વિશ્વના ઘણા દેશોએ આંતરરાષ્ટ્રીય વિનિમય માટે રૂપિયાનો સ્વીકાર કર્યો છે એટલે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જે ડોલરમાં ચુકવણી કરવી પડતી હતી તે હવે રૂપિયામાં કરી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ ધીમે ધીમે થઈ રહ્યું છે

આપણો દેશ આર્થિક રીતે વિશ્વની પાંચમી મોટી ઇકોનોમી બની જશે આમ છતાં આપણા દેશમાં લોકોની માથાદીઠ આવક જેટલી વધવી જોઈએ તેથી વધી નથી વિરોધ પક્ષો ૨૦૨૪ ની ચૂંટણીમાં મોંઘવારીના મુદ્દાને આગળ કરે છે આમ છતાં આંતરરાષ્ટ્રીય સ્તર પર આપણા દેશમાં મોંઘવારીનું પ્રમાણ ઓછું છે

સૌથી મહત્વની વસ્તુ એ છે કે વિશ્વની અંદર ભારતના રૂપિયાની બોલબાલા ધીમે ધીમે વધતી જાય છે. બેન્ક ઓફ ઇન્ડિયા અનુસાર દુનિયાના ૬૪ દેશ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા માટે વાતચીત કરી રહ્યા છે જો વિશ્વના ૩૦ દેશ સાથે ભારતના રૂપિયામાં બિઝનેસ શરૂ થઈ જાય તો રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

ભારતીય મુદ્રાને ભારત શા માટે આગળ વધારે છે? હાલના સમયે અમેરિકન ડોલર દુનિયાનું સૌથી શક્તિશાળી ચલણ છે. કુલ વૈશ્વિક વેપારમા તેની ભાગીદારી ૮૦ ટકાની નજીક છે. મતલબ કે. દુનિયા આખીમાં થતા બિઝનેસમાંના ૮૦ ટકાથી વધારે વિનિમય ડોલરમાં જ થાય છે. ભારત સહિતના દુનિયાના ઘણા દેશ વિદેશી આયાત-નિકાસ માટે ડોલર પર જ નિર્ભર રહેતા હતા. જો એમણે કોઈ બીજા દેશ પાસેથી કશું ખરીદવું કે વેચવું હોય તો ડોલરમાં જ ચુકવણી કરવી પકે છે. તેથી

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

તેને દુનિયાનું સૌથી શક્તિશાળી ચલણ માનવામાં આવે છે. હવે તેમાં પરિવર્તનની શરૂઆત થઈ ગઈ છે. ઘણા દેશોએ ભારતીય ચલણમાં વિનિમયની મંજૂરી આપી દીધી છે. તેનાથી ડોલર પરની નિર્ભરતા ઘટશે અને રૂપિયો આંતરરાષ્ટ્રીય બજારમાં મજબૂત થશે. ભારતીની સાથે

રૂપિયામાં વેપાર કરવામાં રસ ધરાવનારા મોટા ભાગના દેશ વિદેશી મુદ્રા ભંડારમાં ડોલરની અછતનો સામનો કરી રહ્યા છે.અત્યાર સુધી અન્ય દેશો સાથેના વેપાર વખતે ડોલર ખર્ચવા પડતા હતા. તેના લીધે વિદેશી મુદ્રા ભંડારમાં ડોલરની ઘટ પડવા માંડી છે. તેથી, દેશના આર્થિક વિકાસદરમાં પણ ઘટ પડે છે અને દેવું પણ વધે છે. પરંતુ અન્ય દેશો સાથે રૂપિયામાં વિનિમયથી ભારતીય વેપાર પર ઓછું જોખમ રહેશે. કાચા તેલ સહિત જે કોઈ ઉત્પાદન અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવે તેની ચુકવણી રૂપિયાના માધ્યમથી કરવામાં આવશે. તેનાથી દરવર્ષે અબજો ડોલર બચશે. મુદ્રાની અસ્થિરતા સામે સુરક્ષા મળશે. તેનાથી બેઝનેસનો ખર્ચ પણ ઘટશે અને વેપારનો સારી રીતે વિકાસ થશે. એટલું જ નહીં, ડોલર સહિત વિદેશી મુદ્રા ભંડાર રાખવાની જરૂરિયાત ઓછી ઊભીથશે. વિદેશી મુદ્રા, ખાસ કરીને ડોલર પર નિર્ભરતા ઘટવાના કારણે ભારત પર બહારના પ્રભાવોની ઓછી અસર થશે. એમણે જણાવ્યું કે. રૂપિયામાં વેપાર વધવાની સાથે જ આરબીઆઈને ભારતીય ચલણ માટે ખરીદદાર શોધવાની જરૂર નહીં પડે. તેનાથી ભારતીય રૂપિયાની માગમાં વધારો થશે. વિદેશી બેંકોને કન્વર્ઝન ફી ન મોકલવાના કારણે જે રકમ જમા થશે તે દેશની અંદર કામમાં આવશે. પ્રો. પ્રહલાદ અનુસાર, આંતરરાષ્ટ્રીય વેપારમાં રૂપિયાના ઉપયોગથી આમ નાગરિકને પણ ઘણા લાભ થશે. એમાં સૌથી મોટો લાભ મોંઘવારી સામે મળશે. ઘણા ઉત્પાદનો સસ્તા થઈ શકે છે. ભારત અને અન્ય દેશો વચ્ચે ખાદ્ય તેલ, ડ્રાય-ફ્રુટ્સ, ગેસ, કોલસો, દવાઓ સહિત ઘણી વસ્તુઓનો વેપાર થાય છે.રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અનુસાર. દુનિયાના ૬૪ દેશ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા માટે વાતચીત કરી રહ્યા છે. તેમાં જર્મની, ઇઝરાયલ જેવા મોટા દેશ સામેલ છે પહેલી વાર યુરોપિયન યુનિયનમાં સામેલ દેશ જર્મની એશિયાના કોઈ ચલણ એટલે કે ભારતીય મુદ્રા રૂપિયામાં વેપાર કરવા માટે આગળ આવ્યો છે. જો ૩૦ દેશ સાથે ભારતના રૂપિયામાં બિઝનેસ શરુ થઈ જાય તો પછી રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જશે. રશિયા અને શ્રીલંકાની સાથોસાથ ચાર આફ્રિકન દેશો તેના માટેની મંજૂરી આપી ચૂક્યા છે. તેમના ઉપરાંત ૧૭ દેશ એવા છે જ્યાં ભારતે વોસ્ટ્રો ખાતાં ખોલ્યાં છે. તે અન્ય દેશો સાથે રૂપિયામાં બિઝનેસ માટે અનિવાર્ય છે. આ ૧૭ દેશોમાં ૧૨ ભારતીય બેંકોને મંજૂરી આપવામાં આવી છે. આ લિસ્ટમાં ભારતીય સ્ટેટ બેંક, કેનરા બેંક, યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, યુકો બેન્ક, એચડીએફસી બેન્ક. ઇન્ડસઇન્ડ બેન્ક, યસ બેંક અને આઇડીબીઆઇ બેંકનો સમાવેશ થાય છે.

શ્રીલંકાની સરકારે પણ ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય મુદ્રા તરીકેની મંજૂરી આપી દીધી છે. હવે ભારત અને શ્રીલંકા વચ્ચે ભારતીય ચલણમાં વેપાર થઈ શકશે. એટલું જ નહીં. ભારતીય નાગરિક શ્રીલંકામાં પર્યટનની દૃષ્ટિએ પણ ભારતીય ચલણનો ઉપયોગ કરી શકશે. શ્રીલંકા એવો પહેલો દેશ નથી જેણે આ રીતે ભારતીય મુદ્રાને પોતાને ત્યાં માન્યતા આપી છે. તેના પહેલાં પણ ઘણા દેશ ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય માન્યતા આપી ચૂક્યા છે. તેનાથી સ્પષ્ટ છે કે દુનિયામાં ભારતીય રૂપિયાની બોલબાલા વધવા લાગી છે. એમ કહીએ કે હવે ભારતીય ચલણ ડોલર અને પાઉન્ડને ટક્કર આપવાની તૈયારીમાં છે, તો તે ખોટું નહીં ગણાય. ચાલો, જાણીએ કે કઈ રીતે દુનિયાભરમાં ભારતીય મુદ્રાનું નામ થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં કેટલા દેશોએ ભારતીય ચલણમાં વેપારને મંજૂરી આપી છે? કેટલા દેશોમાં વોસ્ટ્રો ખાતાં ખૂલવા લાગ્યાં છે? અને તેનો સામાન્ય લોકોને શો લાભ મળશે?

# નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની સફળતાને પચાવી શકતા નથી

**યુકેમાં ભારતીય વિદ્યાર્થીનો લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી દરમિયાન તેની સામે નફરતની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ**



નવીદિલ્હી

સત્યમ સુરાના એક ભારતીય વિદ્યાર્થી છે જે યુકેમાં રહીને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ ખાતે એલએલએમ કરી રહ્યો છે. થોડા સમય પહેલા જ્યારે યુકેમાં ઉગ્રવાદી તત્વોએ ભારતીય હાઈ કમિશન પર હુમલો ર્યો અનો ભારતીય તિરંગાનું અપમાન કરતા તેને જમીન પર ફેંકી દીધો હતો, તે સમયે ત્યાં હાજર સત્યમ સુરાનાએ ઉગ્રવાદીઓના હુમલાની પણ પરવા કર્યા વગર ભારતીય તિરંગાને ઉપાડી લીધો હતો. ત્યારથી આ ભારતીય વિદ્યાર્થી ચર્ચામાં આવ્યો છે.

હવે તેણે આ વર્ષે લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી દરમિયાન તેની સામે નફરતની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે. સત્યમે દાવો કર્યો હતો કે તેને નિશાન બનાવનારાઓ એવા જૂથનો ભાગ છે જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની સફળતાને પચાવી શકતા નથી અને તેથી આવા ખોટો અને દુષિત પ્રચાર કરે છે. સત્યમે આરોપ લગાવ્યો છે કે, LSEમાં મતદાનના માત્ર ૧૨ કલાક પહેલા, તેની વિરુદ્ધ ખૂબ જ 'સુયોજિત' અભિયાન ચલાવવામાં આવ્યું હતું, કોઈક રીતે તેને ભારતીય જનતા પાર્ટી સાથે જોડી દેવામાં આવ્યો હતો અને તેને 'ફાસીવાદી' ગણાવવામાં આવ્યો હતો તેમ જ તેની ઝુંબેશનો બહિષ્કાર કરવાનું કહેવામાં આવ્યું હતું. તેની એક પોસ્ટમાં ખાલિસ્તાનીઓને આતંકવાદી કહેવા બદલ પણ તેને નિશાન બનાવવામાં આવ્યો હતો.

પુણેમાં જન્મેલા સત્યમે કેટલાક મહિનાઓથી બોમ્બે હાઈકોર્ટમાં પણ પ્રેક્ટિસ કરી છે અને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં LLM કરી રહ્યો છે અને આ વર્ષના અંતમાં તેનો કોર્સ પૂરો થઈ રહ્યો છે. સત્યમે જણાવ્યું હતું કે ભારત તેનો દેશ છે અને તે હંમેશા તેના દેશની વકાલત કરશે જ. યુકેની કૉલેજની વિદ્યાર્થી સંઘની ચૂંટણીને ભારતના રાજકારણ સાથે શું લેવાદેવા હોઈ શકે એવો સવાલ પણ તેણે કર્યો હતો.

# ફિલ્મ બડે મિયાં છોટે મિયાંનું ટ્રેલર રીલીઝ થઈ ગયું



મુંબઈ,

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ તેમની આગામી ફિલ્મ બડે મિયાં છોટે મિયાંને લઈને ચર્ચામાં છે. બંને એક્શન સ્ટાર આ ફિલ્મમાં પહેલીવાર સાથે કામ કરી રહ્યા છે. આ ફિલ્મનું ટીઝર લગભગ ૨ મહિના પહેલા રિલીઝ થયું હતું. જેમાં બંને એક્શન અવતારમાં જોવા મળ્યા હતા. હવે બડે મિયાં અને છોટે મિયાં ટ્રેલરમાં પણ ધૂમ મચાવતા જોવા મળે છે. નિર્માતાઓએ મંગળવારે અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ, પૃથ્વીરાજ સુકુમારન, અલાયા એફ, માનુષી છિલ્લર અને સોનાક્ષી સિન્હા અભિનીત ફિલ્મ બડે મિયાં છોટે મિયાંનું ટ્રેલર રિલીઝ કર્યું છે. નિર્માતાઓએ ૧૨.૪૨ વાગ્યે યુટ્યુબ પર ટ્રેલર રિલીઝ કર્યું. આ સિવાય અક્ષય અને ટાઈગર સહિત ફિલ્મની સ્ટારકાસ્ટે પણ પોતપોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર ફિલ્મનું ટ્રેલર શેર કર્યું છે. બડે મિયાં છોટે મિયાંના ટ્રેલરની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી.

# 'તારક મહેતા...' ફેમ જેનિફર બંસીવાલ જાતીય સતામણીનો કેસ જીતી

## અસિત કુમાર મોદી દોષિત : મેકર્સ એક્શન મોડમાં આવ્યા





મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ જેનિફર બંસીવાલે જાતીય સતામણીનો કેસ જીતી લીધો છે અને શોના નિર્માતા અસિત કુમાર મોદીને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ શોમાં ૧૫ વર્ષ સુધી કામ કરનાર જેનિફરે તેના નિર્માતા અસિત કુમાર મોદી વિરુદ્ધ માનસિક અને યૌન ઉત્પીડનનો કેસ નોંધાવ્યા બાદ શો છોડી દીધો હતો. આ પછી અભિનેત્રીએ અસિત કુમાર મોદી, સોહિલ રોમાની અને જતીન વિરુદ્ધ પોલીસ કેસ કર્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં જેનિફરે જીત મેળવી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મામલામાં શોના પ્રોડ્યુસર અસિત કુમાર મોદીને દોષી ઠેરવવામાં આવ્યા છે અને તેમને એક્ટ્રેસને ૨૫ લાખ રૂપિયાની બાકી રકમ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, અસિત વિરુદ્ધ કેસ દાખલ કરવાની સાથે, જેનિફરે શોના પ્રોજેક્ટ હેડ સોહેલ રોમાની અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જતીન પર તેની સાથે ગેરવર્તનનો આરોપ પણ લગાવ્યો હતો.

# વેબ સિરીઝ આશ્રમ'ની આગામી સિઝન આવવાની તૈયારીમાં...




મુંબઈ,

બોબી દેઓલ 'એનિમલ'માં અબરારનું પાત્ર ભજવીને દરેક જગ્યાએ ફેમસ થઈ ગયો હતો. હવે લોર્ડ બોબીનું નામ દરેક જગ્યાએ હેડલાઈન્સમાં છે. સોશિયલ મીડિયાથી લઈને લોકોના દિલો-દિમાગ પર તેમનો દબદબો રહ્યો છે. હવે તેના ફેન્સ માટે એક સારા સમાચાર આવ્યા છે. વાસ્તવમાં આ સમાચાર તેની વેબ સીરિઝ 'આશ્રમ' સાથે જોડાયેલા છે. આ સિરીઝની આગામી સિઝન આવવાની છે. અમે આ નથી કહી રહ્યા, પરંતુ તેના કો-સ્ટારે પોતે આ કહ્યું છે. 'આશ્રમ'ની અત્યાર સુધી ત્રણ સિઝન આવી ચૂકી છે. બધા ચોથી સિઝનની રાહ જોઈ રહ્યા છે. દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે આપણે 'બાબા નિરાલા' ફરી ક્યારે જોઈશું. આ સવાલનો જવાબ આ સિરીઝમાં પોતાના જમણા હાથની ભૂમિકા ભજવનાર અભિનેતા ચંદન રોયે આપ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું, "દરેક જણ એક જ સવાલ પૂછે છે. મને લાગે છે કે તે આ વર્ષે આવવું જોઈએ. તૈયારીઓ પૂર્ણ છે. થોડો ભાગ શૂટિંગ માટે બાકી છે અને થોડી સ્ક્રિપ્ટિંગ બાકી છે. જોકે, મેકર્સ દ્વારા 'આશ્રમ ૪'ની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી. હવે જોવાનું એ રહે છે કે મેકર્સ ક્યારે જાહેરાત કરશે અને ક્યારે બાબા નિરાલા તેમના ચાહકોમાં પાછા આવશે. આ વર્ષે બોબી દેઓલ પણ સાઉથ સિનેમાની એક ફિલ્મમાં જોવા મળવાનો છે. તે ફિલ્મ છે સુપરસ્ટાર સૂર્યાની 'કંગુવા', જે એક મોટા લેવલની ફિલ્મ બનવા જઈ રહી છે. આ તસવીર ૧૦ ભાષાઓમાં રિલીઝ થશે.

# નવાઝુદ્દીન સિદ્દીકીએ છૂટાછેડા પછી પત્ની આલિયા સાથે પેચ અપ કર્યું!



મુંબઈ,

નવાઝુદ્દીન સિદ્દીકી અને તેની પત્ની વચ્ચેનો અણબનાવ કોઈનાથી છુપાયેલો નથી. આ અંગે બંનેએ સોશિયલ મીડિયા પર ખુલીને વાત કરી અને એકબીજા પર ગંભીર આરોપો પણ લગાવ્યા. બંને વચ્ચે ઝઘડો એટલો વધી ગયો કે મામલો કોર્ટ સુધી પહોંચ્યો. એક તરફ આલિયાએ છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો, તો બીજી તરફ તે પોતાના બાળકો સાથે અલગ રહેવા લાગી હતી. આ બધા વિવાદ વચ્ચે આલિયા પણ 'બિગ બોસ ઓટીટી-૨ ની સ્પર્ધક બની હતી. હવે આલિયાએ એક પોસ્ટ શેર કરીને લોકોને ચોંકાવી દીધા છે. આ પોસ્ટ જોઈને લાગે છે કે આલિયા અને નવાઝુદ્દીન સિદ્દીકી વચ્ચે ફરી એકવાર પેચ અપ થઈ ગયો છે.

# આંખોના પલકારે બિમારીઓનું નિદાન કરી શકાશે

## ગૂગલની એઆઈ સિસ્ટમ ટીબી અને અન્ય રોગોને શોધી કાઢશે




મુંબઈ,

અપોલો રેડિયોલોજી ઈન્ટરનેશનલ ગૂગલના AI મોડલને ભારતીયો સુધી લઈ જશે. તેઓ આગામી ૧૦ વર્ષ માટે ફ્રી સ્ક્રીનિંગ પ્રદાન કરશે. આવી સ્થિતિમાં ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો માટે ફાયદાકારક સાબિત થશે.

ભારતીય ટેક્નોલૉજી ક્ષેત્રમાં ક્રાંતિ થઈ છે. ગૂગલનું એ.આઈ. અપોલો રેડિયોલૉજી ઈન્ટરનેશનલ સાથે સહયોગી છે જે હેલ્થકેર સોલ્યશન આપે છે. જેથી બિમારીઓને શરૂઆથથી જ નિદાન લાવી શકાય છે. આ નવી ટેક્નોલોજી પ્રારંભિક તબક્કામાં ટીબી, સ્તન કેન્સર અને ફેફસાના કેન્સર જેવા ખતરનાક રોગોને શોધવામાં મદદ કરશે. પ્રારંભિક તબક્કામાં રોગને શોધી કાઢવાથી, અપ્રિય ઘટનાઓને અટકાવી શકાય છે.

અહેવાલો અનુસાર, દર વર્ષે ૧ કરોડથી વધુ લોકો ટીબીથી સંક્રમિત થાય છે. તેમાંથી ૧૩ લાખ લોકો આ બીમારીને કારણે મૃત્યુ પામે છે. ટીબીના કારણે સૌથી વધુ મૃત્યુ દક્ષિણ એશિયા અને આફ્રિકાના પ્રદેશોમાં થાય છે. ટીબીનો ઈલાજ થઈ શકે છે, પરંતુ સારવારમાં વિલંબ થવાને કારણે આ રોગ અન્ય લોકોને પણ ચેપ લગાડે છે. ટીબીને શોધવા માટે છાતીના એક્સ-રેનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે ભારતમાં આ સુવિધા ઉપલબ્ધ નથી.

# અમેરિકાના આર્ટેશિયામાં NRI દ્વારા હોળી-ધૂળેટી પર્વની ધામધૂમથી ઉજવણી

## ભારતીય અને નેપાળી લોકોએ હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરી

મુંબઈ

માત્ર ભારતમાં જ પરંતુ જ્યા પણ ભારતીય રહેતા હોય છે તે જગ્યાએ ભારતીય તહેવારો ઉજવાતા હોય છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકા મધેશી એસોસિયેશન અને આર્સેટિયા ચેમ્બરના સહયોગથી અમેરિકાના કેલિફોર્નિયાના આર્સેટિયા ખાતે હોળી-ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી. નોંધનીય છે કે, આ તહેવારની ઉજવણીમાં ભારતીય અને નેપાળી સમુદાયના લોકો જાડાયા હતાં.

અમેરિકાના કેલિફોર્નિયાના આર્સેટિયા ખાતે ભારતીય અને નેપાળી સમુદાયના લોકો દ્વારા હોળી-ધૂળેટી પર્વની ઉજવણી થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જાડાયા હતા. આ પ્રસંગે સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી. વિવિધ રમતો રમાઈ હતી. જેમાં વિજેતાઓને પુરસ્કારો પણ અપાયા હતા. રંગોના પર્વ ધૂળેટીની ભારતમાં તો ઉજવણી થઈ હતી તો સાથે અમેરિકામાં વસતા ભારતીય અને નેપાળી મૂળના લોકોએ સામુહિક રીતે ધૂળેટી પર્વની ઉજવણી કરી હતી.

# તાપસી પન્નુએ ચોરી છુપીથી ગોલ્ડ મેડલિસ્ટ સાથે લગ્ન કરી લીધા છે



મુંબઈ

બોલિવુડ અભિનેત્રી તાપસી પન્નુએ લગ્ન કરી લીધા છે. જી હા રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે, અભિનેત્રીએ હાલમાં ઉદયપુરમાં બોયફ્રેન્ડ બેડમિન્ટન પ્લેયર મૈથિયાસ સાથે લગ્ન કર્યા છે.આ લગ્ન શનિવાર ૨૩ માર્ચના રોજ થયા છે. તેમણે આ લગ્નમાં તેમના પરિવારના કેટલાક સભ્યો તેમજ અંગત લોકોને જ બોલાવ્યા હતા. જેમાં અનુરાગ કશ્યપ અને પાવેલ ગુલાટી પણ સામેલ છે.

બોલિવુડ સેલિબ્રિટીઓને લગ્નમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. શાહરુખ ખાનની સાથે ડંકીમાં જોવા મળેલી તાપસીએ તેમના લગ્નમાં ડાયરેક્ટર અને મિત્ર અનુરાગ કશ્યપને જ બોલાવ્યા હતા. તેમજ થપ્પડના કો સ્ટાર પાવેલ ગુલાટી પણ મહેમાનોની લિસ્ટમાં સામેલ હતો. અનુરાગ કશ્યપ અને તાપસી ખુબ સારા મિત્રો છે.

પાવેલ ગુલાટીએ લગ્નનો એક ફોટો શેર કર્યો છે. જેમાં કોમેડિયન અને અભિનેતા અભિલાષા થપિયાલ પણ જોવા મળી રહ્યો છે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, લગ્ન બાદ તાપસી ટુંક સમયમાં બોલિવુડ સ્ટાર માટે મુંબઈમાં એક પાર્ટીનું આયોજ કરશે. લગ્નના રિસેપ્શનની જાહેરાત ટુંક સમયમાં થશે.

તાપસી પન્નુ અને બેડમિન્ટન ખેલાડી મૈથિયાસ બોય અંદાજે ૧૦ વર્ષથી એક બીજાને ડેટ કરી રહ્યા હતા. તાપસી અને મૈથિયાસ પહેલી વખત ૨૦૧૩માં ઈન્ડિયન બેડમિન્ટન લીગના ઉદ્ઘાટન સમારોહમાં મળ્યા હતા. પરંતુ ક્યારે પણ બંન્ને તેમના સંબંધો વિશે જાહેરમાં કશું કહ્યું નથી.

# ભારત અને ઓસ્ટ્રેલિયા ૨૨ નવેમ્બરથી ટેસ્ટ શ્રેણીમાં થશે આમને-સામને



મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪ હમણાં જ શરૂ થયું છે. તે હમણાં જ તેના બીજા સપ્તાહમાં પ્રવેશ્યું છે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાની મોટી શ્રેણીની જાહેરાત કરવામાં આવી છે. તેની તારીખો જાહેર કરવામાં આવી છે. ભારતની આ ક્રિકેટ શ્રેણી ઓસ્ટ્રેલિયા સાથે હશે, જે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવા માટે રમાશે. લાલ બોલની ક્રિકેટની આ શ્રેણીની જાહેરાત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા કરવામાં આવી છે, જે અંતર્ગત ભારતે ૪૬ દિવસમાં કાંગારૂ ટીમ સામે ૫ ટેસ્ટ રમવાની છે. જો કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની આ ટેસ્ટ શ્રેણીની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી હતી, પરંતુ તેની તારીખો ત્યારે જાહેર કરવામાં આવી ન હતી. તેમજ મેચના સ્થળ પર કોઈ સત્તાવાર મહોર લગાવવામાં આવી ન હતી. પરંતુ હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીનું સંપૂર્ણ શેડ્યૂલ સત્તાવાર રીતે જાહેર કર્યું છે.

ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી ટેસ્ટ શ્રેણી શરૂ થશે. પ્રથમ ટેસ્ટ પર્થમાં રમાશે. આ પછી, બીજી ટેસ્ટ માટે, બંને ટીમો લગભગ ૩૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને એડિલેડ પહોંચશે, જ્યાં ૬ થી ૧૦ ડિસેમ્બરની વચ્ચે મેચ રમાશે. આ ડે-નાઈટ ટેસ્ટ હશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી ટેસ્ટ બ્રિસ્બેનના ગાબા ખાતે રમાશે. આ મેચ ૧૪ થી ૧૮ ડિસેમ્બર વચ્ચે રમાશે.

# રાજકોટમાં મસાલાની સિઝન પૂરબહારમાં ખીલી

## આ વર્ષે મરચાની તમામ જાતમા ભાવમાં વધારો થયો છે : હળદરના ભાવમાં પણ ૨૦% જેટલો ભાવ વધારો






રાજકોટ,

ઉનાળાની શરૂઆત થતાં જ લોકો આખા વર્ષના મસાલા ભરતા હોય છે. ગૃહિણીઓ મરચું, હળદર, ધાણાજીરું દળાવવા મસાલા માર્કેટ પહોંચે છે અને આખા વર્ષના મસાલા ભરે છે. પરંતુ આ વર્ષે મસાલા માર્કેટમાં દર વર્ષ જેટલી તેજી નથી દેખાઈ રહી. મસાલાના ભાવમાં ધરખમ વધારો થયો હોવાથી માર્કેટમાં સનકારો છવાઈ ગયો છે. મરચાના ભાવ ગતવર્ષ કરતા અધધ ૧૦૦%નો વધારો જોવા મળે છે.રાજકોટના નાના મવા રોડ, ૮૦ ફૂટ રોડ, ૧૫૦ ફૂટ રોડ, પેડક રોડ, કુવાડવા રોડ, નાણાવટી ચોક સહિતની અનેક જગ્યાઓ પર મસાલા માર્કેટ ભરાય છે. જો કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મસાલાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

આ વર્ષે તમામ જાતના મરચાના ભાવમાં વધારો થયો છે.ગૃહિણીઓ દર વર્ષે મસાલા માર્કેટમાંથી મસાલાની ખરીદી કરી આખા વર્ષના મસાલા દળાવીને ભરતી હોય છે. પરંતુ આ વર્ષે તમામ જાતના મરચાના ભાવ આ વર્ષે ડબલ થઈ ગયા છે. કમોસમી વરસાદ અને ભેજ વાળા વાતાવરણના કારણે આ વર્ષે મરચાનું ઉત્પાદન ઓછું થયું છે. જેથી મરચાના અને અન્ય મસાલાના ભાવમાં ધરખમ વધારો થયો છે.મરચાની સાથે સાથે જીરું અને હળદરના ભાવમાં પણ મોટા પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદ અને ભેજવાળા વાતાવરણના કારણે જીરાનું ઉત્પાદન ઓછું થયું છે જેને લઈને જીરાના ભાવ આસમાને છે. ગત વર્ષે જીરું ૨૫૦ થી લઈને ૩૩૦ રૂપિયા કિલો મળતું હતું. જે આ વર્ષે ૩૫૦ થી લઈને ૪૫૦ રૂપિયે કિલો મળી રહ્યું છે. તો હળદરના ભાવમાં પણ ૨૦% જેટલો ભાવ વધારો થયો છે.

# 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો



રાજકોટ

ગુજરાત સરકારના કોમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજ્ય ગાંધીનગરના"તેરા તુજકો અર્પણ" ઝુંબેશ હેઠળ આજરોજ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ હતું.

જેમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.જાડેજા નાઓની ઉપસ્થિતીમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પ્રજાની બહોળી સંખ્યાની હાજરીમાં યોજવામાં આવેલ.

જેમાં છેલ્લા ત્રણ મહિનામાં અત્રો પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનની ફરિયાદ/અરજી મળતી હોય છે જે ફરિયાદ/અરજી ઉપરથી ઝઈંઈ પોર્ટલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી ઝઈંઈ પોર્ટલમાં સતત મોનિટરીંગ કરી આવા ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનને શોધી કાઢવામાં આવેલ છે. જેમાં ઝઈંઈ પોર્ટલનો ઉપયોગ કરી કુલ-૫૨ મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૭,૯૭,૫૦૦/-ના ઝઈંઈ પોર્ટલ દ્વારા શોધી રીકવર કરવામાં આવેલ અને મોબાઈલના માલિકોને પરત કરી આપવામાં આવેલ છે.

તેમજ છેલ્લા બે મહિના દરમ્યાન સાયબર ફ્રોડ થયેલ હોય તેવી અલગ-અલગ અરજીમાં ફ્રીઝ રહેલ અરજદારની સાયબર ફ્રોડમાં ગયેલ રકમમાંથી કુલ ૦૮ અરજીના અરજદારને કોર્ટ મારફતે રીફન્ડ પ્રોસેસ કરાવી કુલ રકમ રૂ.૨,૨૦,૪૬૦/- અરજદારને તેઓના નાણા પરત અપાવેલ છે

## હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો, મહાનુભાવોએ દર્શન કર્યા



રાજકોટ

રાજકોટ લોકસભા ૧૦ના ઉમેદવાર તથા કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલા સાથે સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા, ગુજરાતના પૂર્વમુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજકોટ વિધાનસભા ૬૯ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ મહામંત્રી માધવભાઈ દવે, પારિવારીક સંબંધી જામનગર માર્કેટીંગ યાર્ડના પ્રમુખ ને જામનગર લોહાણા મહાજન પ્રમુખ જીતુભાઈ લાલ, ગાયનેક ડો. નીતિનભાઈ લાલ, વોર્ડ નં. ૧૦ રાજકોટના કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, નીરૂભા વાઘેલા, જ્યોત્સનાબેન ટીલાળા, રાજેશ્ર્વરીબેન ડોડીયા, વોર્ડ નં. ૧૦ના પ્રમુખ રજનીભાઈ ગોલ, ભાજપ અગ્રણી મનીષભાઈ ભટ્ટ તથા વોર્ડ નં. ૧૦ની સંગઠનની ટીમ હાજર રહ્યા હતા. જેમાં પરસોતમભાઈ રૂપાલાનું મીતુલભાઈ લાલ દ્વારા શાલ ઓઢાડી હાર-તોરાથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હોલિકા પ્રાગટ્ય સાયન્ટીફીકલી રીતે પાણીની પિચકારી દ્વારા અગ્નિ પ્રજ્ઞ્વલિત કરી હોલિકાદહનનો કાર્યક્રમ વિશેષ ઉપસ્થિતિ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

# રાજકોટ ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળનો આજે જન્મદિવસ

## ૬૪ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી જન્મદિવસની ઉજવણી કરશે



રાજકોટ

રાજકોટ ભાજપ નાં પ્રેસ મિડીયા અગ્રણી અને રાજકોટ નાગરિક સહકારી બેંક ના શાખા વિકાસ સમિતિના સભ્ય અને પૂર્વ ચાઈલ્ડ વેલ્ફેર કમિટિનાં સભ્ય અરૂણભાઈ નિર્મળ નો જન્મ દિવસ તા. ૨૮/૩/૬૦ છે. જેઓ આજરોજ ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે.શ્રી નિર્મળ ૧૯૭૧ થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાઈને રાષ્ટ્રસેવા સાથે રાજકીય તેમજ સામાજિક કાર્યોમાં ઉત્તમ સેવા આપી રહયા છે.શ્રી નિર્મળ ૧૯૯૫ થી ભારતીય જનતા પાર્ટીમાં પ્રેસ-મીડિયા ની જવાબદારી સંભાળીને રાજકોટ મહાનગરપાલિકા, ધારાસભા, લોકસભા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત ની ચૂંટણીમાં પ્રચાર પ્રસારની સફળતા પૂર્વક જવાબદારી સંભાળી છે.

હાલમાં તેઓ સહકાર ભારતી રાજકોટ વિભાગમાં મીડિયા જવાબદારી, જીવદયા ગ્રુપ, મહાપૂજા ધામ સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ મંદિર, વી.વાય.ઓ. શ્રીનાથ ધામ હવેલી તેમજ અનેક ધાર્મિક/સામાજિક સંસ્થામાં મીડિયા કો-ઓર્ડીનેટર તરીકે સેવા આપે છે.શ્રી નિર્મળ સેવાકીય સામાજીક , સાંસ્કૃતિક, ધાર્મિક પ્રવૃતિ દવારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી રહયા છે. આ વર્ષે ૬૪ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી જન્મદિવસની ઉજવણી કરશે. અરૂણ નિર્મળનાં જન્મદિવસ નિમિતે રાજકોટ શહેર/ જિલ્લાનાં હોદ્દેદારશ્રીઓ, સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી, રાજકોટ નાગરિક સહકારી બેંકનાં ચેરમેનશ્રી, વાઈસ ચેરમેન શ્રી, ડિરેકટરશ્રી તથા અધિકારીશ્રીઓ તેમજ વિ.હિ.પ. નાં અગ્રણીઓ, રાજકીય સામાજીક તથા ધાર્મિક સંસ્થાનાં અગ્રણીઓ અને શુભેચ્છક મિત્ર વર્તુળ તરફથી (૯૮૨૪૪ ૧૬૬૩૯, ૮૩૨૦૪ ૨૯૫૨૮) પર જન્મદિવસની શુભેચ્છા આપી છે.

# રાજકોટમાં એડવોકેટ અનિલભાઈ દેસાઈના નિવાસસ્થાને મુલાકાત લેતા ભાજપ ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા



રાજકોટ,

ગુજરાત પ્રદેશ ભાજપ લીગલ સેલના એડવોકેટ શ્રી અનિલભાઈ દેસાઈના નિવાસ સ્થાલને રાજકોટ ૧૦ લોકસભા ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે રાજયસભા સાંસદ શ્રી રામભાઈ મોકરિયા,રાજકોટના ધારાસભ્યો શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી દર્શિતાબેન શાહ, શ્રી ધનસુખભાઈ ભંડેરી, શ્રી મનીષભાઈ ભટ્ટ, જૈન સમાજના વરિષ્ઠ આગેવાનો શ્રી જયોતીન્દ્રે મામા મહેતા, શ્રી હરેશભાઈ વોરા, શ્રી ઉપેનભાઈ મોદી, શ્રી હેમલભાઈ મહેતા, શ્રી મિહિરભાઈ મણિયાર, શ્રી નિપુણભાઈ દોશી, શ્રી મદનભાઈ ભીમાણી, શ્રી અતુલભાઇ શેઠ, શ્રી જયભાઈ તુરખીયા, સહિતના સૌ આગેવાનો ઉપસ્થિાત રહ્યા હતા.

આ ઉપરાંત જાણીતા એડ્વો્કેટ્સા શ્રી કિરીટભાઈ પાઠક, શ્રી હાર્દિકભાઈ ડોડીયા, શ્રી મુકેશભાઈ દેસાઈ ઉપરાંત વેપારી અગ્રણીઓમાં શ્રી મહેન્દ્રનભાઈ મહેતા, શ્રી કૌશિકભાઈ ભોજાણી, શ્રી દેવુભાઈ જીવરાજાણી, પંચનાથ મંદિરના પ્રમુખ શ્રી દેવાંગભાઈ માંકડ અને ટ્રસ્ટીભઓ શ્રી વસંતભાઈ જસાણી, શ્રી નીતિનભાઈ મણીયાર, શ્રી મનુભાઈ ગોહેલ, શ્રી નારણભાઈ લાલકીયા અને શ્રી સંદીપભાઈ ડોડીયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા

# રાજકોટની પાંચ સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજમાં એક દી'નું વેઈટિંગ




રાજકોટ

રાજકોટ શહેર જિલ્લામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ જેવી સુવિધા મળતાં જમીનમાં ભારે તેજી જોવા મળી રહી છે જેના કારણે રાજકોટ જિલ્લાની આઠ જેટલી સબ રજિસ્ટ્રાર કચેરીમાંથી પાંચ સબ રજિસ્ટ્રાર કચેરીમાં માર્ચ એન્ડીંગના કારણે દસ્તાવેજોમાં એક એક દિવસનું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. લોકો ઓનલાઈન ટોકન લેવા છતાં દસ્તાવેજનો વારો બીજા દિવસે આવે છે. રાજકોટ શહેરમાં એઈમ્સ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, સ્માર્ટ સિટી જેવા પ્રોજેકટોના કારણે રિયલ એસ્ટેટમાં ભારે તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને રાજકોટના મોરબી રોડ, કોઠારીયા રોડ પર દર મહિને હજારો દસ્તાવેજો નોંધાય છે. આમ છતાં લોકોને દસ્તાવેજો માટે વેઈટીંગ જોવા મળી રહ્યું છે.

માર્ચ એન્ડીંગના કારણે રાજકોટ શહેરમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજોની નોંધણીમાં મોટાપાયે વેઈટીંગ જોવા મળતાં રાજ્ય સરકાર દ્વારા એક પરિપત્ર બહાર પાડી જે સબ રજિસ્ટ્રાર કચેરીમાં વેઈટીંગ હોય તેવી સબ રજિસ્ટ્રાર કચેરીઓની જાહેર રજાઓ રદ કરી નાખવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ કચેરીના સમયમાં પણ ફેરફાર કરીને સવારે ૯ વાગ્યાથી ઓફિસ સ્ટાફે હાજર થઈ જવું અને સાંજ સુધીમાં રોજેરોજનું દસ્તાવેજની નોંધણીનું વેઈટીંગનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

આમ છતાં રાજકોટ શહેરની સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન-૨, રૈયા સબ રજિસ્ટ્રાર કચેરી, સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન-૫, મવડી સબ રજિસ્ટ્રાર કચેરી અને ગોંડલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ માટે એક એક દિવસનું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. આ પાંચેય સબ રજિસ્ટ્રાર કચેરીમાં દરરોજ ૫૦ થી વધુ દસ્તાવેજો માટે ઓનલાઈન બુકીંગ થાય છે પરંતુ માત્ર ૩૫ જેટલા દસ્તાવેજોની નોંધણી થઈ શકે છે જેના કારણે ૧૫ જેટલા અરજદારોનો બીજે દિવસે વારો આવે છે.

# વી આઈ એ અલ્ટીમેટ એન્ટરટેઈનમેન્ટ એપ જાહેર કરી

## વી આઈ યુઝર્સ ટીવી, મોબાઈલ કે વેબ પર જોવા માટે કોઈપણ ડિવાઈસ પર વી આઈ મૂવીઝ અને ટીવીના લાભો મેળવી શકે છે

રાજકોટ

અગ્રાણી ટેલિકોમ ઓપરેટર વી આઈ એ આજે અલ્ટીમેટ એન્ટરટેઈનમેન્ટ એપ વી આઈ મૂવીઝ અને ટીવી લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. તમામ વી આઈ સબ્સ્ક્રાઈબર્સ માટે આ એક વન-સ્ટોપ એન્ટરટેઈનમેન્ટ ડેસ્ટિનેશન છે. વી આઈ મૂવીઝ અને ટીવી નો નવો અવતાર તેના યુઝર્સ માટે અદ્વિતીય મનોરંજક અનુભવ પૂરો પાડે છે જેમાં ૧૩થી વધુ ઓટીટી એપ્સ, ૪૦૦થી વધુ લાઈવ ટીવી ચેનલ્સ અને અનેક કન્ટેન્ટ લાઈબ્રેરીની કોમ્પ્લીમેન્ટ્રી એક્સેસ મળશે અને તે પણ બધું એક જ છત હેઠળ.પ્રિપેઈડ માટે રૂ. ૨૦૨ અને પોસ્ટપેઈડ માટે રૂ. ૧૯૯ની કિંમતે વી આઈ મૂવીઝ અને ટીવી નો હેતુ મલ્ટીપલ પ્લેટફોર્મ માટે એક જ સબ્સ્ક્રીપ્શન સાથે જોવાનો અનુભવ સરળ બનાવવાનો તેમજ એકથી વધુ સબ્સ્ક્રીપ્શનનો ખર્ચ બચાવીને તેના યુઝર્સના નાણાં માટે શ્રેષ્ઠ મૂલ્ય પૂરું પાડવાનો છે. વી આઈ મૂવીઝ અને ટીવી સાથે બધાના માટે જોવા માટે કંઈકનું કંઈક છે. ડિઝની હોટસ્ટાર પર ધ શો ટાઈમ, કર્મા કોલિંગ, લૂટેરે, સેવ ધ ઈગરર અને ૧૨વી ફેઈલ, સલાર (હિન્દી), પટના શુક્લા અને અન્ય જેવી બ્લોકબસ્ટર મૂવીઝ, સોનીલીવ પર શાર્ક ટેક્ક ઈન્ડિયા, સ્કેમ ૨૦૨૩, ધ તેલગી સ્ટોરી, રાયસિંઘાની વિ. રાયસિંઘાની કે પછી ફેન કોડ પર ફોર્મ્યુલા વન કે લાઈવ ક્રિકેટનો રોમાંચ હોય. વી આઈ મૂવીઝ અને ટીવી ડિસ્કવરી, આજતક, રિપબ્લિક ભારત, એબીપી, ઈન્ડિયા ટુડે સહિતની ૪૦૦થી વધુ લાઈવ ટીવી ચેનલ્સને યુઝર્સના આંગળીના ટેરવે સ્ટ્રીમ કરશે. આ ઉપરાંત, વી આઈ યુઝર્સને શેમારૂ અને હંગામા કન્ટેન્ટ લાઈબ્રેરીઝની કોમ્પ્લીમેન્ટ્રી એક્સેસ પણ મળશે.

# રાજકોટમાં જૈનમ દ્વારા જૈનોનાં ચારેય ફીરકાઓને આમંત્રીત કરવા કમીટી રચાઈ



રાજકોટ,

જૈનમ દ્વારા ભગવાન મહાવીર જન્મૈ કલ્યાીણક મહોત્સ વની ઉજવણી માટે જૈનોનાં ચારેય ફીરકાઓ સંગઠીત થઈને ઉજવણી કરે તેવા શુભ હેતુથી જૈનમ પરિવારનાં સભ્યોસની કમીટીની રચના કરવામાં આવી છે. જે કમીટી દ્વારા રાજકોટનાં મૂર્તિપૂજક જૈન સંઘો, દેરાસરો, સ્થાંનકવાસ જૈન સંઘો, ઉપાશ્રયો, શ્રીમદ્ રાજચંદ્રજી કેન્દ્ર , દિગંબર જિનાલયો વિગેરેમાં વ્યાખ્યાપન સમયે તથા અન્યર કાર્યક્રમ સમયે સાધુ ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓની હાજરીમાં રૂબરૂ જઈ તમામને જૈનમ વતી આગામી મહાવીર સ્વા મી જન્મર કલ્યાકણક મહોત્સુવની થનારી ઉજવણીમાં જોડાવવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવી રહયું છે.

જેમાં જૈનમ વતી રાજકોટનાં દેરાસરો અને શ્રીમદ્? રાજચંદ્ર જ્ઞાન મંદિર ખાતે આ નિમંત્રણ પાઠવવા માટે રચાયેલ કમીટીમાં તરૂણભાઈ કોઠારી, પ્રશાંતભાઈ સંઘવી, જીતુભાઈ મારવાડી, મહેશભાઈ મણીયાર, અનીષભાઈ વાધર, જીગરભાઈ પારેખ, મેહુલભાઈ શાહ, રાકેશભાઈ શેઠ, શ્રેણિકભાઈ જૈન, વિશાલભાઈ મહેતા, દર્શનભાઈ શાહ સ્થા,નકવાસી ઉપાશ્રયો અને સ્થાનકો, દિગંબર જિન મંદિર ખાતે સૌ નિમંત્રીત કરવા જયેશભાઈ મહેતા, સુજીતભાઈ ઉદાણી, હિતેશભાઈ મહેતા, બ્રિજેશભાઈ મહેતા, નિલેશભાઈ ભલાણી, ચેતનભાઈ કામદાર, નિલેશભાઈ શાહ, શૈલેષભાઈ માંઉ, ઉપેનભાઈ મોદી, ભરતભાઈ પારેખ, ચિરાગભાઈ દોશી, હિતેશભાઈ શાહ, અશોકભાઈ વોરા, બકુલેશભાઈ મહેતા, કુમારભાઈ શાહ, જયદત્ત સંઘાણી, પરેશભાઈ સંઘાણી, યતીન્દ્રભાઈ જૈન, ધૈર્યભાઈ પારેખ, મનીષભાઈ શાહ, મનોજભાઈ દોશી વિગેરે જૈનમ પરિવારનાં સભ્યોં જહેમત ઉઠાવી રહયા છે.

# રાજકોટ મનપાની રમત-ગમત સભ્યં નોંધણી માટેની ઓનલાઈન સીસ્ટ્મ ડાઉન : લોકો પરેશાન

## ટેકનીકલ ખામીના કારણે અડધાથી એક કલાક બાદ ફરી સીસ્ટમ રાબેતા મુજબ શરૂ થતાં રાહત

રાજકોટ,

રાજકોટ મહાપાલિકાના અલગ-અલગ સ્પોર્ટસ સંકુલમાં આજથી માસિક, ત્રિ-માસિક, વાર્ષિક મેમ્બરશિપ માટેનું રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. મનપા હસ્તકની વિવિધ રમત-ગમતની સુવિધાઓ જેમાં સિન્થેટિક એથ્લે ટિક ટ્રેક, સિન્થેટિક ટેનિસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ, વોલીબોલ કોર્ટ, રેસકોર્સ જીમ, નાનામવા મલ્ટી એક્ટિરવિટી સેન્ટર લેડીઝ જીમ, શેઠ હાઈસ્કૂલ જીમ, હૈદરી ચોક સ્થિત જીમ તેમજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર (કોઠારિયા રોડ), શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર (કાલાવડ રોડ), શ્રી લોકમાન્ય્ તીલક સ્નાનાગાર (રેસકોર્સ), શ્રી સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર (પેડક રોડ) તેમજ શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર માટે શિખાઉ તેમજ જાણકાર સભ્યો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ માટે આજે સવારે ૧૧ વાગ્યા થી મનપાની વેબસાઈટ પરથી ઓનલાઈન લાઈન રજિસ્ટ્રેશનમાં સ્નાનાગારમાં સભ્ય નોંધણીની સીસ્ટમ ઠપ્પ થતા હજારો લોકોમાં દેકારો મચી જવા પામ્યો હતો.

આ અંગે ઈડીપી ડાયરેકટર સંજય ગોહીલે જણાવ્યુ હતુ કે, ઓનલાઇન સીસ્ટમમાં ટેકનીકલ ખામી આવતા સવારે એક કલાક સુધી ઓનલાઇન વ્યવસ્થાં ખોરવાઇ હતી બાદ રાબેતા મુજબ શરૂ થઇ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ સવારે એક કલાક ટેકનીકલ ખામી સર્જાતા ઓનલાઇન રજીસ્ટ્રેશનમાં ધાંધિયા થતા દેકારો મચી જવા પામ્યો હતો.

# જામનગરમાં ત્રણબત્તી વિસ્તારમાં કરિયાણા, મીઠાઈ- ફરસાણની ત્રણ દુકાનોને નિશાન બનાવતા તસ્કરો

## એક વર્ષ દરમિયાન સતત ત્રીજી વખત ત્રણેય દુકાનોને ટાર્ગેટ બનાવતા તસ્કરો : પોલીસ તંત્ર દોડતું થયું



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ત્રણ બત્તી વિસ્તારમાં ડીએસપી બંગલા પાછળના ભાગમાં આવેલ એકીસાથે ત્રણ દુકાનોને ગઈકાલે રાત્રીના સમયે તસ્કરોએ નિશાન બનાવી લેતાં ભારે દેકારો થઈ ગયો છે, આ ત્રણેય દુકાનો કે જે રેલવે તંત્રના ભાડા પટ્ટામાં છે, અને પાકી છત ન હોવાથી તસ્કરોએ એક વર્ષ દરમિયાન ત્રીજી વખત ટાર્ગેટ બનાવી લીધી હોવાનું સામે આવ્યું છે. જ્યારે બનાવને લઈ આસપાસના અન્ય વેપારીઓ એકત્ર થઈ ગયા છે. પોલીસને જાણ કરવામાં આવી છે.

જામનગરમાં ત્રણ બત્તી વિસ્તારમાં જિલ્લા પોલીસ વડાના નિવસ્થાનની પાછળના વિસ્તારમાં આવેલી અનાજ કરીયાણાંની દુકાન તેમજ તેની બાજુમાં જ આવેલી મીઠાઈ-ફરસાણની દુકાન સહિત એકીસાથે ત્રણ દુકાનોને ગઈરાત્રી દરમિયાન તસ્કરોએ નિશાન બનાવી હતી. અને દુકાનની પાકી છત ન હોવાથી અને પતરા હોવાના કારણે દુકાનના પતરા તોડી અંદર પ્રવેશ પ્રવેશ્યા હતા. ત્યાર બાદ દુકાનમાં રહેલો અનાજ કરિયાણાં-મીઠાઈ ફરસાણ સહિતનો માલ સામાન રફેદફે કર્યો હતો, પરંતુ વેપારીઓ દ્વારા કોઈ રોકડ રકમ રાખવામાં આવી ન હોવાથી તસ્કરો કોઈ મોટી રકમ લઈ જવામાં સફળ થયા ન હતા. આજે વહેલી સવારે દુકાન ખોલતી વખતે વેપારીઓને ઉપરોક્ત ચોરી થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી આસપાસના અન્ય વેપારીઓ એકત્ર થઈ ગયા હતા. અને પોલીસને જાણ કરાતાં સીટી બી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને સીસીટીવી કેમેરા વગેરેની મદદથી તસ્કરોને શોધવા માટેની કવાયત શરૂ કરી છે. ત્રણબત્તી વિસ્તારમાં આવેલી ઉપરોક્ત ત્રણેય દુકાનો કે જેને એક વર્ષ પહેલા પણ નિશાન બનાવાઈ હતી, ત્યારબાદ ચાર માસ પહેલા પણ આ જ ત્રણેય દુકાનોમાં ચોરી થઈ હતી, અને સતત ત્રીજીવાર દુકાનને નિશાન બનાવી છે. રેલવે તંત્ર પાસે આ ત્રણેય દુકાનો ભાડા પટ્ટામાં હોવાથી પાકી છત ન હોવાના કારણે સતત ટાર્ગેટ કરી રહ્યા હોવાનું વેપારીઓએ જણાવ્યું છે.

# દ્વારકા નજીકના વરવાળા ગામે જૂના ઝઘડાનો ખાર રાખી યુવાન પર ૧૪ શખ્સોનો હિચકારો હુમલો

ખંભાળિયા : દ્વારકા નજીકના વરવાળા ગામે અગાઉના ઝઘડાનો ખાર રાખી એક યુવાન પર ૧૪ શખ્સોએ છરી, લોખંડના પાઈપ જેવા તિક્ષણ હથિયારો વડે જીવલેણ હુમલો કરતા યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. જ્યારે તમામ શખ્સો સામે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.દ્વારકા તાબેના વરવાળા ગામે રહેતા જુમાભાઈ ઉર્ફે ડાડો ઈશાભાઈ જુસબભાઈ ઢોકી નામના ૩૪ વર્ષના માછીમાર યુવાન ગઈકાલે મંગળવારે તેમના પત્નીને સાથે લઈ અને દવાખાને જઈ રહ્યા હતા, ત્યારે દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાંથી પસાર થતા અહીં અગાઉના ઝઘડા તથા તકરારનો ખાર રાખી અને પૂર્વયોજીત કાવતરું રચીને આરોપી ગુલાબ હુસેન ઈસા લુચાણી, ઈસ્માઈલ ઈસા લુચાણી, જેનુલ ઈસા, ગફુર ઈસા, ઈરફાન ઉર્ફે લાલુ કાસમ, કાસમ ઈસા, સતાર સુમાર ઢોકી, સાદિક સત્તા ઢોકી, હાસમ સુમાર ઢોકી, ઈમરાન હાસમ ઢોકી, અસગર સતાર ઢોકી, સબીર સતાર ઢોકી અને રુકસાના ઉર્ફે રૂકુ હાસમ ઢોકી નામના ૧૪ શખ્સોએ એકસંપ કરી અને ફરિયાદી જુમાભાઈ ઢોકી ઉપર ભાલુ, છરી, લોખંડના પાઇપ, લાકડીઓ, ધોકા વિગેરે જેવા હથિયારો વડે તૂટી પડ્યા હતા.

આમ, ગેરકાયદેસર રીતે મંડળી રચી અને આરોપીઓએ ફરિયાદી જુમાભાઈ ઉપર હુમલો કરી, બિભત્સ ગાળો કાઢી, અને તેમની મોટરકારમાં હથિયારો વડે નુકસાની કર્યાની ધોરણસર ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવે છે. જે અંગે પોલીસે આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૧૨૦ (બી), ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.એચ. સુવા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં એડવોકેટની હત્યા પ્રકરણમાં ૮ ઝડપાયા : ૭ની શોધખોળ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં એડવોકેટની હત્યા પ્રકરણમાં વધુ બે કિશોર સહિત ચાર શખ્સોની ધરપકડ કરીને બન્ને કિશોરોને સુધારગૃહમાં અને બે શખ્સોને કોર્ટમાં રજૂ કરીને સાત દિવસા રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. આ કેસમાં ધરપકડનો આંક ૮ થયો છે. હજૂ આઠ આરોપી પોલીસની પકડથી દુર છે.

બેડીમાં એડવોકેટ હારૂન પલેજાની ગત્ તા. ૧૩ ને બુધવારના સરાજાહેર થયેલી હત્યાથી શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે પૂર્વ કોર્પોરેટર સહિત ૧૫ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. આરોપીઓ ફરાર થઈ જતાં તેની શોધખોળ માટે એસપીની સૂચનાથી સિટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાની આગેવાનીમાં એક ટીમ બનાવવામાં આવી હતી અને આરોપીઓને શોધ માટે કવાયત હાથ ધર્યા બાદ તા. ૧૯ના બસીમ જુસબ સાયચાની ધરપકડ કરવામાં આવી હતી. તેને સાત દિવસના રિમાન્ડ બાદ સિકંદર નૂરમામદ સાયચા, દિલાવર હુસેન કકલ અને સુલેમાન હુશેન કકલની ધરપકડ કરીને સાત–સાત દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. જે બાદ હોળીના તહેવાર દરમિયાન પોલીસે બે કિશોર ઈમરાન નૂરમામદ સાયચા અને રમજાન સલીમ સાયચાની ધરપકડ કરી હતી. જેમાં બન્ને કિશોરોને સુધારગૃહમાં મોકલી આપ્યા હતા. ગઈકાલે ઈમરાન અને રજાકને કોર્ટમાં રજૂ કરીને સાત દિવસના રીમાન્ડ પર લઈ આકરી પૂછપરછ કરવામાં આવી હતી. ફરાર ગુલામ જુસબ સાયચા, એઝાજ ઉંમર સાયચા અસગર જુસબ સાયચા, મહેબૂબ જુસબ સાયચા, રજાક ઉર્ફે સોપારી, પૂર્વ કોર્પોરેટર ઉમર ઓસમાણ ચમડિયા, શબ્બીર ઓસમાણ ચમડિયાની શોધખોળ કરવામાં આવી રહી છે.

# લાલપુરના હરિપર નજીક એડવોકેટ પર ચારેક શખ્સોએ હુમલો કરી દેતા સારવાર ખસેડાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર પંથકના વતની એક એડવોકેટ પર ગઈકાલે સાંજે ચારથી પાંચ જેટલા શખ્સો ધોકા પાઈપ વડે એડવોકેટ તૂટી પરથી પડ્યા હોવાથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા છે. જે મામલે પોલીસ તંત્ર દોડતું થયું છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર ના એડવોકેટ અનિલભાઈ પણસારા કે જેઓની હરીપર નજીક જમીન આવેલી છે, જે જમીનના પ્રશ્ને ચારથી પાંચ જેટલા વ્યક્તિ સાથે વાંધો ચાલી રહ્યો છે, અને તે જમીનના વેચાણ સંબંધે હુમલાખોરોએ એડવોકેટ સાથે તકરાર કરી હતી.

ગઈકાલે એડવોકેટ હરીપર ગામે પોતાની જમીન પાસે કાર લઈને પહોંચ્યા હતા, જે દરમિયાન અન્ય વાહનોમાં આવેલા ચારથી પાંચ જેટલા વ્યક્તિ એ આ જમીન તમારા પિતાએ અમને આપી દીધી છે, તેમ કહી તકરાર કરી હતી, અને માથામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં ધોકા-પાઈપ વડે હુમલો કરી દીધો હતો. જેથી એડવોકેટને ગઈકાલે મોડી સાંજે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતાં લાલપુરની પોલીસ ટિમ ઘટના સ્થળે, તેમજ જી.જી. હોસ્પિટલ દોડી ગઈ છે, અને સમગ્ર બનાવ બાબતે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. એડવોકેટ પરના હુમલા ના બનાવને લઈને વકીલ મંડળમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

# જામનગરમાં ડુપ્લીકેટ તમાકુના કોપીરાઈટ ભંગના ગુનામાં નાસ્તો ફરતો આરોપી ઝડપાયા



જામનગર : જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં એક વર્ષ પહેલાં ડુપ્લિકેટ તમાકુ અંગે કોપીરાઈટ ભંગનો કેસ નોંધાયો હતો, જે ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને વાંકાનેર માંથી ઝડપી લેવાયો છે, અને સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દેવાયો છે.

જામનગરની પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના પંચાસર ગામના સબીર હુસૈન અબ્દુલભાઈ શેરસીયા નામના શખ્સ સામે એક વર્ષ પહેલાં જામનગરના સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ડુપ્લીકેટ તમાકુ અંગે કોપી રાઈટ ભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો, અને તે ગુનામાં છેલ્લા એક વર્ષથી આરોપી નાસ્તો ફરતો રહ્યો હતો.

દરમિયાન જામનગરની પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમેં વાંકાનેર પંથકમાં દરોડો પાડી આરોપી સબીર શેરસિયાને ઝડપી લીધો છે, અને તેને જામનગર લઈ આવ્યા પછી સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં સૂપ્રત કરી દીધા છે.

# ખંભાળિયામાં ન્યૂડ વિડિયો ઉતારનાર આરોપીને ફટકારાઈ ત્રણ વર્ષની કેદ

ખંભાળિયા : ખંભાળિયામાં એક વ્યક્તિનો ન્યૂડ વિડિયો બનાવી તેને વાયરલ કરવાની ધમકી આપવા અંગેનો કેસ અદાલતમાં ચાલી જતાં આરોપીને ૩ વર્ષની સખત કેદની સજા તેમજ રૂા. એક લાખનો દંડ કરવામાં આવ્યો છે.

અનિલ વિરમભાઈ રાજગોર (રે. ખોડિયાર કોલોની, નીલકમલ સોસાયટી આ કામના ફરિયાદીને તેઓ બાથરૂમમાં ન્હાતા હોય તે વખતે તેમનો ન્યૂડ વિડિયો બનાવી તે વિડિયો તેમને બતાવી વાયરલ કરી દેવાની ધમકી આપી ફરિયાદીના મોબાઈલમાંથી તેમના પોતાના ન્યુડ વિડિયો અને ફોટા મોકલવાની ધમકી આપી ત્યારબબાદ આરોપીએ ફરિયાદી પાસેથી મેળવી ફરિયાદીના તેમના ન્યુડ ફોડા વાયરલ કરી દેવાની ધમકી આપી ફરિયાદીના લગ્ન બાદ તેમના અગાઉના ન્યૂડ વિડિયો તથા ફોટોગ્રાફસ અરમાન પટેલ તથા હીર પટેલ નામની અલગ અલગ ફેસબુક આઈડી પરથી ફરિયાદીના પતિ અને આ કામના સાહેદ મોબાઈલમા તેમના ફેસબૂક એકાઉન્ટ પર મોકલી ઈન્ટરનેટ કોલ કરી ધમકી આપી ફીરયાદી ચરિત્રહિન હોવાનું આળ મૂકી ફરિયાદીને પોતાના પતિને છોડી આરોપી સાથે સંબંધ રાખવા ધમકી આપી ગુન આચરેલ હતો. આ કેસમાં તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા ખંભાળિયા પોલીસે ચાર્જશીટ કરી અદાલતમાં રજૂ કરતાં અદાલતે વકીલની દલીલો માન્ય રાખી આરોપીને ૩ વર્ષની કેદ તથા રૂા. એક લાખનો દંડ ફટકાર્યો હતો.

# કલ્યાણપુરના લાંબા ગામે 'તું ડાકણ છો' તેમ કહી મહિલા પર લાકડી વડે હુમલો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતી એક મહિલાને 'તું ડાકણ છો' તેમ કહી બે મહિલાએ લાકડી વડે માર માર્યાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા મીણીબેન વીરાભાઈ ભીખાભાઈ કંડોરીયા નામના ૫૦ વર્ષના આહિર મહિલાને "તું ડાકણ છે, અમારા છોકરાને કરી મૂકે છે"- તેમ કહીને નયનાબેન રાજુભાઈ ચેતરીયા અને શીતલબેન કિશનભાઈ ચેતરીયા દ્વારા લાકડી વડે બેફામ માર મારી, પથ્થરના ઘા કરીને વ્યાપક ઈજાઓ કર્યાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે કલ્યાણપુર પોલીસે આરોપી નયનાબેન તથા શીતલબેન સામે ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી.

# જામનગરના હાપા વિસ્તારમાં ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે સ્કૂટર ચાલક ઝડપાયો




જામનગર : જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા હાપા રોડ પર પેટ્રોલિંગ હાથ ધરી સ્કૂટરમાં દારૂની હેરાફેરી કરી રહેલા એક શખ્સને ૩૦ બોટલ દારૂ સાથે ઝડપી તેની અટકાયત કરવામાં આવ્યા છે.

આ દરોડા થી વિગત એવી છે કે જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર હાપા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં અવ્યય હતું. જે દરમિયાન હાપા રેલવે સ્ટેશન પાસે રહેતો સોહીલ સુલતાનભાઇ ખીરા નામનો શખ્સ પોતાના સ્કૂટરમાં શંકાસ્પદ હાલતમાં પસાર થતાં, તેને અટકાવીને તલાસી લીધી હતી. જે તલાસી દરમિયાન તેના કબજા માંથી ૩૦ નંગ ઈંગ્લીશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. જેથી રૂપિયા ૧૨,૦૦૦ ની કિંમતનો દારૂ તેમજ સ્કૂટર સહિત કુલ રૂપિયા ૫૨,૦૦૦ ની માલમતા કબજે કરી આરોપી સોહિલ ખીરાની અટકાયત કરી લઇ પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દેવાયો છે.

# દ્વારકાના ગાયત્રી મંદિર સમુદ્ર પાસેથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો



તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકા ખાતે આવેલા ગાયત્રી મંદિર પાસેના સમુદ્ર કિનારે કોઈ લાશ તરતી હોય, જે અંગે દ્વારકા નગરપાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયર તથા ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીમાં તરી રહેલા કોઈ અજાણ્યા પુરૂષનો મૃતદેહ બહાર કાઢી દ્વારકાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે તેમજ પોલીસને જાણ કરાતા તેઓએ પણ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# માત્ર ૪૦ મતદાર ધરાવતા અજાડ ટાપુ પર મતદાન અંગેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરતાં જિલ્લા કલેક્ટર



દ્વારકા : મતદારોની દ્રષ્ટીએ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, સાથોસાથ વિશાળ અને વૈવિધ્યસભર ભૂપૃષ્ઠોને કારણે પણ દેશનો એકપણ નાગરિક મતદાનના અધિકારથી વંચિત રહી ન જાય તે સુનિશ્ચિત કરવું એ પણ મોટો પડકાર છે. પરંતુ ભારતના ચૂંટણી પંચના 'ઈદ્દીઅિ ફી ઝેંહજ' ના અભિગમને સાર્થક કરવામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ચૂંટણી તંત્ર પણ એટલું જ સુસજ્જ છે. જ્યાં પરિવહનની જરૂરી વ્યવસ્થાઓના અભાવે પહોંચવું મુશ્કેલીભર્યું હોય છે અથવા મતદારોને મતદાન કરવા દૂર સુધીનું અંતર કાપવું પડે છે. આવી તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી જી. ટી. પંડ્યાના નેતૃત્વમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અજાડ ટાપુ સહિતના સ્થળોએ વિશિષ્ટ મતદાન મથકો તૈયાર કરી ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts'ના સંકલ્પને સાર્થક કરવાના સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાનું આવું જ એક સ્થળ છે અજાડ ટાપુ. ૯૮-અજાડ ટાપુ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧-ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે ટાપુ દરિયા કિનારાથી લગભગ ૧૦ કિ.મી. દૂર છે. આ વિસ્તારના માત્ર ૪૦ મતદારો માટે તંબુ (િહં) માં મતદાન મથક તૈયાર કરવામાં આવે છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ ટાપુ પર એક મતદાન મથક સ્થાપિત કરવામાં આવે છે, જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે. પરિવહનનો એકમાત્ર રસ્તો બોટ છે, આ મતદાન મથક ખાતે મતદાન સ્ટાફને મોટા આસોટાથી ૧૩ કિ.મી. જેટલા રસ્તા મારફતે ગડુ વિસ્તાર પહોંચી ત્યાંથી બોટ મારફત અંદાજિત ૪.૩ નોટીકલ માઈલ દરિયાઈ મુસાફરી કરે છે અને મતદાન મશીનો સાથે તમામ જરૂરી સામગ્રી લઈ જાય છે. મતદાન મથક માટે તેની ભૌતિક અને ભૌગોલિક વિશિષ્ટતા અને અંતરને ધ્યાનમાં રાખીને અલાયદો માર્ગ નક્કી કરવામાં આવે છે. ટાપુ ખાતે ટેન્ટ લગાવી તેનો મતદાન મથક તરીકે ઉપયોગ થાય છે. જ્યાં તમામ ખાતરીપૂર્વકની લઘુત્તમ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સર્વસમાવેશી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના પ્રયાસનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લાનું આવું જ એક મતદાન મથક છે કિલેશ્વર નેસ. આ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧-ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, નેસ વિસ્તારમાં બરડા પર્વતના ઊંડા જંગલ વિસ્તારમાં આવેલ આ વિસ્તારમાં ૫૧૬ જેટલા મતદારો નોંધાયેલા છે. તે મતદાન મથક સાથે સંપર્ક કરવાનું એકમાત્ર સાધન વાયરલેસ સેટ છે. અહીં પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન અંગેની તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી દરેક મતદાર મતદાન કરી શકે તેની પૂરતી કાળજી લેવામાં આવે છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ગરમીનો માહોલ : આકરો તાપ પડ્યો

## મહત્તમ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર : બપોરે રસ્તાઓ સુમસામ

રાજકોટ,
રાજકોટ સહિત સૌરાષ્ટ્ર - કચ્છંમાં ગરમીનો માહોલ બરાબરનો જામ્યો? છે. લોકો ગરમીમાં પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. અસહય ઉકળાટના કારણે રસ્તાઇઓ સુમસામ બની જાય છે.

લોકો ગરમીથી બચવા માટે એસી, પંખાનો સહારો લઈ રહ્યા છે. બપોરના સમયે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતા અસહય ગરમી પડી રહી છે.

જુનાગઢમાં સવારથી જ સોરઠમાં અગન વર્ષા શરૂ થઈ જતા મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની નજીક પહોંચી ગયો છે. જુનાગઢ સહિત સોરઠ પ્રદેશમાં ગરમીમાં સતત વધારો થઈ રહ્યો છે. સતત બીજા દિવસે લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો થતા આજે સવારે લઘુત્તમ તાપમાન વધીને ૨૫ ડિગ્રી નોંધાયો હતો. જયાચરે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬% રહ્યું હતું. ધુળેટીનું પર્વ પૂરું થતાની સાથે જ મંગળવારે મહત્તમ તાપમાનનો પારો ઉપર ચડીને ૩૯.૫ ડિગ્રીએ સ્થિ%ર થયો હતો. અને આજે પણ બપોરના મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહેવાની શકયતા જોઈ રહી છે.

રાજકોટ ગોંડલ નેશનલ હાઈવે પર બપોર બાદ હાઈવે પર



વાહનોની સંખ્યા%માં ઘટાડો જોવા મળ્યો છે. આખો દિવસ વાહનોથી ધમધમતો નેશનલ હાઈવે પર એકલ દોકલ વાહનો જોવા મળ્યા હતા. ભારે તાપ અને ગરમીને લઈને લોકો ઘરમાં પુરાયા છે. ભારે તાપને લઈને લોકો ટોપી - ચૂંદડી બાંધીને નીકળવાની ફરજ પડી છે. ગરમીને કારણે શરીરમાં ડિહાઈડ્રેશન ન થાય તે માટે લોકોએ ઠંડા પીણાં અને શેરડીના રસનો સહારો લીધો છે.

બીજી તરફ ભેજનું પ્રમાણ ઘટતા ગરમ-સુકા પવનથી લોકો પરેશાન થયા હતા અને કાળઝાળ ગરમીથી બચવા લોકોએ બપોરના સમયે ઘરમાં જ પુરાઇ રહેવાનું પસંદ કર્યું હતું. ત્યાયરે વધુ બે દિવસ હીટવેવ રહેવાની સંભાવના છે. કાળઝાળ ગરમીનો અહેસાસ લોકોએ કર્યો હતો. બીજી તરફ ભેજનું પ્રમાણ ઘટતા ગરમ-સુકા પવનથી લોકો પરેશાન થયા હતા અને કાળઝાળ ગરમીથી બચવા લોકોએ બપોરના સમયે ઘરમાં જ પુરાઇ રહેવાનું પસંદ કર્યું હતું. ત્યારે વધુ બે દિવસ હીટવેવ રહેવાની સંભાવના છે.

# રાજકોટના ઈન્દિરાનગરમાં કિચનવેરના ધંધાર્થીનો આર્થિક ભીંસથી કંટાળી આપઘાત



રાજકોટ,
રાજકોટ સહકાર સોસાયટી મેઈન રોડ પર ઈન્દિરાનગરમાં રહેતાં યુવાને આર્થિક ભીંસને કારણે આત્મહત્યા કરી લેતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ છે.

જાણવા મળ્યાર મુજબ ઇન્દિરાનગર-૩માં રહેતાં મયુરભાઇ દિપકભાઇ ચૌહાણ (ઉ.વ.૨૪) નામના યુવાને સવારે ઘરના ઉપરના માળે એગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં તેને ૧૦૮ના તબિબે મૃત જાહેર કરતાં ભક્તિનગર પોલીસને જાણ કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. આપઘાત કરનાર મયુરભાઇ બે ભાઈમાં નાનો અને અપરિણીત હતો. તે ઓનલાઇન કીચનવેરનો વેપાર કરતો હતો. હાલમાં આ વેપારમાં બરાબર જમાવટ ન હોઇ આર્થિક ભીંસ ઉભી થતાં આ પગલુ ભરી લીધાનું ખુલ્યું હતું. માતા વીજુબેન ઉપરના માળે ગયા ત્યારે દિકરો લટકતો જોવા મળતાં કલ્પાંત સર્જાયો હતો. મયુરભાઇ પરિવારનો આધારસ્તંભ હતો. તેના પિતા નિવૃત જીવન જીવે છે. હેડકોન્સ. પ્રશાંતસિંહે જરૂરી કાર્યવાહી કરી હતી.

# આજે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ રાજકોટમાં



રાજકોટ
રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલાએ પ્રચાર શરૂ કરી દીધો છે તે સમયે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ આવતીકાલે રાજકોટ આવી રહ્યા છે.રૂપાલાએ અગાઉ જે રીતે ક્ષત્રિય સમાજ વિરુધ્ધ વિધાનો કર્યા હતા તે પણ હાલ જબરો વિરોધ સર્જી રહ્યા છે તે સમયે પાટીલની મુલાકાત સુચક છે.

# રાજકોટની રાજારામ સોસાયટીમાં બંગડીના કારખાનામાંથી ચોરી કરનારા તસ્કરો ગણતરીની કલાકોમાં પકડાયા

## બંગડીના કારખાનામાંથી રૂ. ૬૫૨૨૦ મુદ્દામાલની ચોરી હતી : થોરાળા પોલીસની ટીમે બે શખ્સોને દબોચ્યા

રાજકોટ,
રાજકોટ રાજારામ સોસાયટીમાં બંગળીના કારખાનામાં તસ્કરો ત્રાટકયા હતાં અને રૂ.૬૫૨૨૦ ના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી અને ટીમે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી રિક્ષામાં આવેલા બે શખ્સને ઝડપી ચોરાઉ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે મોરબી રોડ પર રાજલક્ષ્મી સોસાયટી શેરી નં.૫ માં રહેતાં રાકેશભાઈ રાજેન્દ્રભાઈ બોસમીયા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાજારામ સોસાયટી શેરી નં-૦૩ માં ભાડેથી કારખાનુ રાખી પ્લાસ્ટીકની બંગડી બનવાવાનું કામ કરે છે. તેઓની દુકાન સવારના દશેક વાગ્યાથી રાતના આઠેક વાગ્યા સુધી ખુલી હોય છે અને રવીવારના દિવસે બંધ હોય છે. ગઇ તા.૨૪ ના સવારના દશેક વાગ્યાની આસપાસ તેઓ કારખાને કામ માટે આવી ગયેલ તે દિવસે હોળીનો તહેવાર હોય જેથી સાંજના પાચેક વાગ્યાની આસપાસ કારખાનને લોક મારી બંધ કરી ઘરે જતાં રહેલ હતાં.

ત્યારબાદ ગઈકાલે સવારના દશેક વાગ્યાની આસપાસ કારખાને ગયેલ અને અંદર પ્રવેશ કરતા દુકાનમાં રાખેલ પ્લાસ્ટીકની બંગડીનો માલ સામાન જેમા અલગ અલગ કલરની અને ડિઝાઈનની બંગડીનો સેટ ૧૪ બોક્સમાં રાખેલ હતાં. જેમાં કુલ ૨૮૭ બોક્સ કિંમત રૂ.૬૦૨૭૦ તેમજ અન્ય અલગ અલગ ડિઝાઈનની બંગડીના બોક્સ ૬ કિંમત રૂ. ૪૯૫૦ મળી કુલ રૂ. ૬૫૨૨૦ નો મુદ્દામાલની કોઈ અજાણ્યા શખ્સો કારખાનામાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી ચોરી કરવા રિક્ષામાં આવેલા બે શખ્સોને સકંજામાં લઈ ચોરીમાં ગયેલ તમામ રૂ.૬૫૨૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

# રાજકોટ પુનિતનગર વાવડીના આધેડનુ હૃદય બેસી જતાં મોત



રાજકોટ,
:રાજકોટના ગોંડલ રોડ પુનિતનગર પાસે વાવડી ચોકી નજીકની શેરીમાં રહેતાં ધર્મેન્દ્રભાઇ બાબુલાલ પંચાસરા (ઉ.વ.૫૭) સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિ?ટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.હોસ્પિંટલ ચોકીના રામશીભાઇ, સોનલબેન અને ધર્મેન્દ્ર ભાઇ હુદડે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યું પામનાર બે ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં અને દરજી કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં બે પુત્રી છે. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું.

# રાજકોટના પૂજારા પ્લોટમાં ધો.૧૨ની પરીક્ષા આપનાર છાત્રનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ,
રાજકોટ શહેરના પૂજારા પ્લોટટમાં રહેતાં અને તાજેતરમાં જ ધોરણ બાર કોમર્સની પરિક્ષા આપનારા છાત્રએ અકળ કારણોસર રાત્રીના સમયે રૂમમાં ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. તે માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. પરિવારજનો પણ કારણ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે.

જાણવા મળેલી માહિતી મુજબ પૂજારા પ્લોટ શેરી નં. ૮માં આવેલા પ્રેસીયસ એપાર્ટમેન્ટ બી-ફ્લેટ નં. ૨૦૧માં રહેતાં સૂજલ મનિષભાઇ જોષી (ઉ.વ.૨૦) નામના યુવાને રાતે રૂમ બંધ કરી પંખામાં ચુંદડી બાંધી ગાળફાંસો ખાઇ લીધો હતો. પરિવારજનોએ દરવાજો ખખડાવવા છતાં ન હિ ખોલતાં દરવાજો તોડીને જોતાં તે લટકતો દેખાતાં કલ્પાંતિ સર્જાયો હતો. બનાવની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી. તેના ઈએમટી દિપકભાઈએ તેને મૃત જાહેર કરી પોલીસને જાણ કરતાં કન્ટ્રોલ ઈન્ચાર્જ વી. એસ. ચૌહાણે ભક્તિઇનગર પોલીસમાં જાણ કરી હતી.

બનાવને પગલે પીએસઆઇ પી. એસ. ગોહિલે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. પરિવારજનોએ કહ્યું હતું કે સૂજલ માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. પિતા મનિષભાઇ સ્કૂપલમાં નોકરી કરે છે, માતાનું નામ દિવ્યાબેન છે. સૂજલ આત્મીય કોલેજમાં ધોરણ બાર કોમર્સમાં ભણતો હતો. તાજેતરમાં જ તેની બોર્ડની પરિક્ષા પુરી થઇ હતી. તેને પરિક્ષાનું કે બીજુ કોઇપણ ટેન્શન નહિ હોવાનુ પરિવારજનોએ કહ્યું હતું. આપઘાતનું કારણ સ્વજનો જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે.

# જસદણના ભાડલા પાસે ઈકો કાર- બાઈક વચ્ચેના અકસ્માતમાં દંપતી ખંડિત : પતિનું મોત

## રાણીંગપર ગામના પતિ પત્ની બાઈકમાં લોધીડા ગામે બેસણામાં જતા’તાને અકસ્માત નડયો

રાજકોટ,
જસદણના ભાડલા પાસે ઈકો કારે બાઈકસ્વાર દંપતિને ઉલાળતા પતિનું મોત નીપજયું હતું. જયારે પત્નીને ઈજા થઈ હતી.

મળતી વિગતો મુજબ ભાડલાના રાણીંગપર ગામે રહેતા અમરશીભાઈ સોમાણી તેના પત્ની સાથે બાઈકમાં પારેવાળા ગામની લોધીડા ગામે બેસણામાં જતા હતા તે દરમિયાન ભાડલા અને ભંડારીયા ગામ વચ્ચે એસ્સાર પેટ્રોલ પંપ પાસે ઈકો કાર નં. જી.જે.-૦૩ સીઆર ૧૦૨૮ના ચાલકે બાઈકને હડફેટે લેતા ચાલાક અમરશીભાઈને ગંભીર ઈજા થતા સારવાર અર્થે રાજકોટ હોસ્પીટલમાં ખસેડાયેલ જયાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માતમા મૃતક અમરશીભાઈ સોમાણીના પત્નીને ઈજા થઈ હતી. બનાવ અંગે મૃતકના પુત્ર ભરતભાઈ સોમાણીએ ઈકો-કાર ચાલક સામે ફરિયાદ કરતા ભાડલા પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પટેલ વાડી પાસે રિક્ષામાંથી પડી જતા આધેડનું મોત



રાજકોટ,
રાજકોટ - ભાવનગર રોડ પર પટેલ વાડી પાસે રિક્ષામાંથી પડી જતાં રામનાથપરામાં રહેતાં પ્રમોદભાઇ બાબુભાઇ સોલંકી (ઉ.વ.૬૪)ને ગંભીર ઈજા થતાં મૃત્યુ નિપજતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

જાણવા મળ્યાં મુજબ રામનાથપરા ગરબી ચોક ખોજા શેરીમાં રહેતાં પ્રમોદભાઇ સોલંકી મોરબી ખાતે સનાળા રોડ પર પેટ્રોલ પંપ હોઇ ત્યાં થી પરત ઘરે આવવા પારેવડી ચોકમાં વાહનમાંથી ઉતરી રિક્ષામાં બેઠા હતાં. સાંજે છએક વાગ્યે રિક્ષા ભાવનગર રોડ પરથી પસાર થઇ રહી હતી ત્યામરે પટેલ વાડી પાસે તેઓ ચાલુ રિક્ષામાંથી પડી જતાં ગંભીર ઈજા થતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.

હોસ્પિંટલ ચોકીના સોનલબેન ચાવડાએ જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પ્રમોદભાઇ બે ભાઇ અને ચાર બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. બનાવ કઇ રીતે બન્યો તેની તપાસ પોલીસ કરી રહી છે.

# રાજકોટ વેરા શાખાની વસુલાતમાં વધું ૧૭ મિલ્કતોને કરાઈ સીલ

## ૨૫ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ :૪ નળ કનેકશન કપાતઃ ૧.૦૨ કરોડ જમા

રાજકોટ,
રાજકોટ મહાપાલિકાના કમીશનર આનંદ પટેલની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ની રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે ૧૭ મિલ્કતોને સીલ કરેલ તથા ૨૫ મિલ્કદતોને ટાંચ જપ્તી- નોટીસ આપેલ તથા ૪ નળ કનેકશન કપાત રૂા. ૧.૦૨ કરોડની વસુલાત કરવામાં આવી હતી.

મનપાની સત્તાવાર યાદી મુજબ વોર્ડ નં. ૪માં પારેવડી ચોક અક્ષરધામ કોમ્પકલેક્ષ શોપ નં. ૨૨ને સીલ કરેલ. પારેવડી ચોકમાં સાગર આર્કેડ ફર્સ્ટ ફલોર શોપ નં.



૧૧૧ને સીલ કરેલ. તેમજ વોર્ડ નં. ૭માં ટાગોર રોડ પર આવેલ ગુરૂ રક્ષા કોમ્પરલેક્ષ ઓફિસ નં. ૨૦૧ને સીલ મારેલ હતું. જ્યા્રે વોર્ડ નં. ૧૩માં ગોકુલનગરમાં ૧-યુનિટને નોટીસ આપેલ.

આ કામગીરી મેનેજર વત્સોલ પટેલ, નિરજ વ્યાસ, સિધ્ધાર્થ પંડયા, ફાલ્ગુનીબેન કલ્યાણી, નિલેશ કાનાણી તથા તમામ વોર્ડ ઓફિસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્પેકટરો દ્વારા આસી. કમીશનર સમીર ધડુકના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# રાજકોટના પરા પીપળીયા ચેક પોસ્ટ પાસે આઈશર -કાર વચ્ચે અકસ્માત : કારને નુકશાન

રાજકોટ,
રાજકોટના પરા પીપળીયા ચેક પોસ્ટ પાસે નશામાં ધુત આઈશર ચાલકે કારને હડફેટે લેતાં કારના દરવાજા અને બમ્પર તૂટી જતાં કારમાં મોટી નુકશાની થઈ હતી. દરમિયાન ગાંધીગ્રામ પોલીસે પીધેલી હાલતમાં ચાલકની ધરપકડ કરી હતી.

બનાવ અંગે જામનગરમાં હાપા રોડ પર લાલ વાડીમાં રહેતાં સંજયભાઈ પરસોતમભાઈ અગ્રાવત (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આઈસર નં. જીજે.૧૪.એ.એક્સ. ૯૪૬૦ ના ચાલક સુરેશ પારુ ભુરિયાનું નામ આપ્યું હતું. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ લાખાભાઈ




ભરવાડની ટેક્સી ગાડી કાર નં. જી.જે.૧૦.ટી.એક્સ.૭૦૪૨ ચલાવે છે. ગઈકાલે રાત્રીના અગીયારેક વાગ્યે ગાડી લઈ જામનગરથી અમદાવાદ એરપોર્ટ જવા માટે નીકળેલ હતાં. બાદમાં રાત્રીના સાડા બારેક વાગ્યાની આસપાસ જામનગર રોડ પરા પીપળીયા ચેક પોસ્ટ પાસે આવતા ગાડી ધીમી પાડેલ ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવેલ જામનગરથી રાજકોટ તરફ આવતી એક આઈશર ગાડીના ચાલકે ગાડીને ઠોકર મારતા મારી કારના જમણી સાઈડના પાછળના બમ્પરને અને દરવાજામા નુકશાન કરેલ થયું હતું. દરમિયાન ત્યા ચેક પોસ્ટ પર હાજર પોલીસનો સ્ટાફ અને અન્ય લોકો ભેગા થઈ ગયેલ અને આઈશર ગાડીના ચાલકનું નામ પુછતા સુરેશ પારુભાઈ ભુરીયા જણાવેલ અને તેને દારુ પીધેલી હાલતમાં હોય જેથી તેને પોલીસ સ્ટેશને લઇ જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.